૨

# સદ્‌ગુરુ : વાત્સલ્યનો નિઃસીમ સાગર

-પ.પૂ. યુવાપ્રવકતા આ.ભ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.

Aquaguard ! આ મશીન ભલે કદાચ પાણીની ગુણવત્તામાં કોઇ વધારો ન કરતું હોય, પણ એ જ પાણીમાં જો કોઇ હાનિકારક તત્ત્વોનો પ્રવેશ થઇ ગયો હોય તો એને વિનાશ કરવાનું કામ એ જરૂર કરે છે !

Censor Board ! આ સંસ્થા ભલે ફિલ્મની મનોરંજકતામાં કોઇ નવો ઉમેરો ન કરતી હોય, પણ એ જ ફિલ્મમાં લોકોના સંસ્કારોને મલિન કરનાર જો કોઇ અશ્લીલતા કે બિભત્સતાનો સમાવેશ થઇ ગયો હોય, તો એને દૂર કરવાનું કામ એ જરૂર કરે છે !

Antivirus ! આ સોફટવેર ભલે કમ્પ્યુટરમાં કોઇ નવી ખૂબીને જન્મ ન આપતો હોય, પણ એ જ કમ્પ્યુટરની સિસ્ટમને નુકસાન પહોંચાડનાર જો કોઇ વાઇરસનો પ્રવેશ થઇ ગયો હોય, તો એને દેશનિકાલ આપવાનું કામ એ જરૂરથી કરે છે !

જન્મની પ્રથમ ક્ષણથી લઇને જેમના ભરોસે સંસારમાં જીવો પોતાનું જીવન જીવી રહ્યા હોય એ પરિવાર-સ્વજન-સંપત્તિ વગેરેનો ત્યાગ કરીને જ્યારે કોઇ મુમુક્ષુ આત્મા સંયમ અંગીકાર કરતો હોય ત્યારે કોઇ અયોગ્ય તત્ત્વો એની સાધનાને નિષ્ફળ ન બનાવી જાય એ માટે Aquaguard, Censor Board અને Antivirusનું પ્રતિનિધિત્વ ધરાવીને ‘સદ્‌ગુરુ’ એમનું સતત રક્ષણ કરતા હોય છે. શિષ્ય માટે સદ્‌ગુરુનાં હૃદયમાં એવો અમાપ વાત્સલ્યભાવ હોય છે કે તેઓ પ્રત્યેક પ્રવૃત્તિમાં શિષ્યના હિતનો જ વિચાર કરતા હોય છે. એ શિષ્યનો શુભ સાથે જેટલો સંપર્ક કરાવતા હોય છે. એના કરતા પણ વિશેષ શિષ્યનો એક નાનકડા પણ અશુભ પરિબળ સાથે સંપર્ક ન થઇ જાય એનું તેઓ ધ્યાન રાખતા હોય છે. પૂ. ન્યાયવિશારદ મહોપાધ્યાય યશોવિજયજી મ. પોતાના ‘ઉપદેશ રહસ્ય’ નામના ગ્રંથમાં જણાવે છે કે તમામ જીવોનું અનાદિકાળનું પરિભ્રમણ મુખ્યતયા ‘અજ્ઞાન’ અને ‘પ્રમાદ’આ બે દોષના કારણે જ થતું હોય છે. બસ, આ બે દોષો અને એને સહાયક બને એવા કોઇ પદાર્થ સાથે શિષ્યનો પરિચય ન થાય એ માટે સદ્‌ગુરુ સતત સાવધાની રાખતા હોય છે. સાચુ કહું તો મેં મારા જીવનના અનેકાનેક તબક્કામાં મારા ગુરુદેવ અને પરમ ગુરુદેવ દ્વારા લેવાતી આ કાળજીનાં દર્શન કર્યા છે અને એમાંની જ એક ઘટના મારે આ ગુરુગુંણાંજલિના લેખમાં ટાંકવી છે. પૂજ્યપાદ પરમ ગુરુદેવ વ્યા.સા.ન્યા.તીર્થ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.સાથે સંલગ્ન મારાં જીવનની એ સદૈવ સંસ્મરણીય ઘટના આ છેઃ

વિ.સં. ૨૦૭૧ની સાલ. પૂજ્યપાદ યુગદિવાકર આ.દે. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા. ની પુણ્યસ્મૃતિમાં નિર્મિત થયેલ શ્રી ધર્મધામ નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થમાં શાશ્વતી ઓળીની સામૂહિક આરાધના કરાવવા માટે પૂજ્ય ગુરુદેવો સહિત અમારી સ્થિરતા હતી. એ વર્ષનાં ફાગણ માસમાં જ ગુરુદેવોએ મને ગણિપદ પ્રદાન કર્યું હતું. સાધુભગવંતોને આમ તો સંયમજીવનના તમામ દિવસો શ્રેષ્ઠ અને મહત્ત્વપૂર્ણ જ હોય છે. પણ ઘણા ય ભાવુકવર્ગની એક એવી માન્યતા હોય છે કે દીક્ષા અને વડીદીક્ષા બાદ સાધુ માટે સૌથી મહત્ત્વનો દિવસ પદપ્રદાનનો હોય છે. એની અનુમોદના અને આનંદ-અભિવ્યક્તિ સ્વરૂપે ભાવુક જનો અને સંયમીવર્ગ પણ પોતાની કક્ષા-વિચારધારા અનુસાર અલગ-અલગ ઉપકરણો ભેટસ્વરૂપે પ્રદાન કરે. બસ એ જ રીતે પૂજયપાદ ગુરુદેવશ્રી તેજસ્વીવકતા આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ના બેન મ. સાધ્વીજી શ્રી વિશ્વરત્નાશ્રીજીને પણ મને કાંઇક અર્પણ કરવાની ઇચ્છા થઇ. એ માટે તેમણે મને પદવી સમયે પ્રાપ્ત શ્રી વર્ધમાન વિદ્યાપટને રાખવા માટે એક રજત સંપુટ તૈયાર કરાવ્યો.

અમારી તો પ્રણાલિકા જ છે કે અમારી પાસે આવતી તમામ વસ્તુઓ વડીલોની દૃષ્ટિ નીચેથી પસાર થઇને જ આવે. એક નાનકડી પેન પણ ગુરુદેવની જાણબહાર ન લેવાતી હોય. એટલે સાધ્વીજી ભગવંત પણ રજત સંપુટ લઇને પૂજ્ય પરમ ગુરુદેવ પાસે ગયા. એમને મનમાં આશા હશે કે કદાચ ગુરુદેવ ના નહિ બોલે. પણ... એક જ ક્ષણ ! અને પરમ ગુરુદેવે એ રજતસંપુટને સ્વીકારવા માટે સાફ ઇન્કાર કરી દીધો, એમને બહુ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે ‘‘આવા કોઇ કિંમતી પદાર્થો બીજી વાર ન લાવવા. આખર તો આ બધો જ પરિગ્રહ છે. મારે સાધુઓને પરિગ્રહી બનાવવા નથી. ભક્તિમાં વિવેક પહેલા રાખવો.’’ અને આ સાંભળીને સાધ્વીજી ભગવંત એક ક્ષણ માટે અવાક્ બની ગયા. કેવો ગુરુનો વાત્સલ્યભાવ અને કેવી એમની ખુમારી! સાધ્વીજી ભગવંતને કેવું લાગશે ? પ્રશિષ્યને કેવું લાગશે ?એની ચિંતા એમને જરા યે કરવાની નહોતી. તેમણે તો માત્ર શિષ્યના પારમાર્થિક હિતને લક્ષ્યમાં રાખીને જ આ પારમાર્થિક વાત્સલ્યભર્યો ઉત્તર આપ્યો હતો.

જેમ પારમાર્થિક વાત્સલ્યની દૃષ્ટિએ પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રીનું સ્તર અનુપમ હતું એમ લૌકિક વાત્સલ્યની દૃષ્ટિએ પણ પૂજ્યશ્રીનું સ્તર અનુપમ હતું. લૌકિક વાત્સલ્ય મારી દૃષ્ટિએ એ ગણાય કે જેમાં શિષ્યાદિ આશ્રિત વૃંદે કોઇ ઉત્તમ શ્રેષ્ઠ કાર્ય કર્યું હોય-ગુણવત્તા વિકસાવી હોય ત્યારે ગુરુજનો દ્વારા એમની અંતઃકરણપૂર્વક ઉપબૃંહણા-પ્રશંસા-અનુમોદના કરાય. અલબત્ત, આવી

અનુમોદના-ઉપબૃંહણા પણ લોકોત્તર સ્તરનો જ ગુણ છે. આમ છતાં મેં એનો નિર્દેશ ‘લૌકિક વાત્સલ્ય’ શબ્દપ્રયોગથી એટલે કર્યો છે કે લોકનજર જેને સીધેસીધી વાત્સલ્યછલકતી ઘટનારૂપે સ્વીકારે એવી એ ઘટનાઓ હોય છે. મારાં જીવનમાં પૂજ્યશ્રી સંબંધી આવી પણ ત્રણ ઘટનાઓ બની છે. જેને તે ક્ષણોમાં ઉપસ્થિત ભાવિકોએ પૂ. પરમ ગુરુદેવની અને પૂ. ગુરુદેવની નિઃસીમ વાત્સલ્યવર્ષારૂપે જ નિહાળી છે. ક્રમશઃ એ ત્રણ ઘટનાઓ કાંઈક આવી છેઃ

(૧) વિ.સં. ૨૦૬૬. પૂ. બન્ને ગુરુદેવોની આજ્ઞા થતાં મારે ચોપાટી જૈન સંઘમાં ચાતુર્માસાર્થે જવાનું થયું. ચાતુર્માસ પ્રવેશદિને પ્રવચનસભામાં મારા પૂ. ગુરુદેવે સંઘને કહ્યુંઃ ‘‘અમારા રશ્મિરત્નવિજયજી હજુ ઊગતા સિતારા છે. પ્રવચનોનો અનુભવ અલ્પ છે. કદાચ આ ચાતુર્માસ થોડું ઓગણીશ-વીશ થાય તો ચલાવી લેશો.’’ ચાતુર્માસ સરસ સંપન્ન થયા બાદ બન્ને પૂ. ગુરુદેવો પુનઃ ચોપાટી સંઘમાં એક દિવસ પધાર્યા. ત્યારે સંઘના ટ્રસ્ટીએ પોતાના વક્તવ્યમાં કહ્યુંઃ ‘‘પ્રવેશ પ્રસંગે સાહેબજી બોલ્યા હતા કે ‘ચાતુર્માસ ઓગણીશ-વીશ થાય તો ચલાવી લેશો.’ પરંતુ રશ્મિરત્નવિજયજીએ એવું ચમકદાર ચાતુર્માસ કર્યું છે કે અમે જાહેરમાં કહીએ છીએ કે અમારા સંઘના ઈતિહાસમાં આ ચાતુર્માસ એક નંબરનું ગણાય તેવું નીવડ્યું છે.’’ આ શબ્દો સાંભળતા પ્રવચનપીઠ પર જ પૂ. પરમગુરુદેવશ્રીની આંખમાં આનંદના અશ્રુ ઝગમગી ઊઠ્યા. મારા પૂ. ગુરુદેવે સંઘના એ ઉમળકાને સરસ શબ્દોથી આવકાર્યો. મને ત્યારે થયું કે પરમ ગુરુદેવનું વાત્સલ્ય અત્યારે આનંદાશ્રુરૂપે વહે છે, તો ગુરુદેવનું વાત્સલ્ય અક્ષરરૂપે વહે છે. તમામ શ્રોતાઓ નાના શિષ્ય પ્રત્યેની પૂ. પરમ ગુરુદેવશ્રીની લાગણીથી-વાત્સલ્યથી પ્રભાવિત થઈ ગયા.

(૨) ચોપાટી સંઘમાં એ ચાતુર્માસમાં મેં કેટલાક હોંશીલા યુવાનો સમક્ષ ઈંગ્લીશ પાઠશાળાનો વિચાર પ્રસ્તુત કર્યો. કોઈ મંગલ ક્ષણે એ વિચાર પ્રસ્તુત થયો હશે. એથી એ ખૂબ જ ત્વરિત સાકાર થયો અને બન્ને પૂ. ગુરુવર્યોના આશીર્વાદથી ‘રત્નત્રયમ્’ ‘ઈંગ્લીશ પાઠશાળા શરૂ થઈ. જોતજોતામાં એની સત્તર-સત્તર શાખાઓ થઈ. અરે! ભારતમાં જ નહિ, બેંગકોક અને સીડની જેવા ‘ફોરેન’ના શહેરોમાં ય એની ‘બ્રાન્ચ’ શરૂ થઈ ગઈ. સેંકડો વિદ્યાર્થીઓ-નિયમિત એક્ટીવીટીઝ અને ઈંગ્લીશ સ્ટોરી બુક-સચિત્ર બુક વગેરેથી ‘રત્નત્રયમ્’નું નામ ચોતરફ ગુંજતું થઈ ગયું. વિ.સં. ૨૦૭૧માં એના પ્રથમ ‘બુકસેટ’નું વિમોચન પૂ. પરમગુરુદેવશ્રીની નિશ્રામાં ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વ તીર્થે યોજાયું ત્યારે પૂ. પરમ ગુરુદેવ શ્રી હર્ષવિભોર થઈ ગયા. એમણે સહુની સમક્ષ અનુમોદના કરી કે ‘‘રશ્મિરત્નવિજયજીએ ઈંગ્લીશ પાઠશાળાઓ શરૂ કરાવી ત્યારે અમને ધારણા ન હતી કે એ આટલી સરસ પ્રગતિ કરશે. એમની પ્રેરણા અને યુવાનોની જહેમત ખરેખર ખૂબ અનુમોદનીય છે.’’ જાણે પરમ ગુરુદેવશ્રી નહિ, એમનું વાત્સલ્ય આ શબ્દો બોલી રહ્યું હતું.

(૩) મારું એ પરમ સૌભાગ્ય છે કે મને પ્રથમ પદપ્રદાન પૂ. પરમગુરુદેવશ્રીના વરદ હસ્તે થયું. મારો પ્રથમ પદારોહણ પ્રસંગ એ પૂ. પરમ ગુરુદેવનો અંતિમ પદ પ્રદાન પ્રસંગ હતો. વિ.સં.૨૦૭૧ના ફાગણ શુદિ નોમના દિને ભાયંદર-રથાકાર જિનાલય સંઘના ભવ્યાતિ ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા-પદ પ્રદાન-વડીદીક્ષા મહા મહોત્સવ દરમિયાન કલ્યાણક ઉજવણીના માહોલમાં ચિક્કાર ભીડ વચ્ચે ભવ્ય મંડપમાં ગણિપદ પ્રદાન સમારોહ યોજાયો. અદ્ભુત અને અવર્ણનીય એ અવસર હતો. એ દિવસે મારા પર બન્ને પૂ. ગુરુદેવોનું વાત્સલ્ય જાહેરમાં જાણે મૂશલધાર વર્ષારૂપે વરસ્યું. મારા પૂ. ગુરુદેવ આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મહારાજે પ્રવચનમાં અતિશય ઉમળકાભેર કહ્યું કે ‘‘અમારા રશ્મિરત્નવિજયજીમાં પુણ્ય-પાત્રતા અને પરિણતિનો ત્રિવેણી સંગમ છે. માટે જ અમે એમને આ પદે આરૂઢ કરીએ છીએ. પુણ્ય છે માટે એ જ્યાં જાય છે ત્યાં સવાયા સફળ ચાતુર્માસો કરે છે. પાત્રતા છે માટે ગુરુજનોની ઈચ્છામાત્રનો અમલ કરવાની ભાવના રાખે છે અને પરણતિ છે માટે ‘ટમેટા ન વપરાય’ આ સમુદાયની પરંપરા જાળવતા એમણે દીક્ષા પૂર્વે સમેત શિખરયાત્રામાં તમામ દિવસો ટમેટાવાળી દાળનો ત્યાગ કર્યો હતો.’’ એક તરફ પૂ. ગુરુદેવ આ શબ્દો બોલતા હતા, તો બીજી તરફ પરમગુરુદેવશ્રીની આંખોમાં હર્ષાશ્રુ વહેતા હતા. એમાં ય જ્યારે અક્ષતવધામણાં-વાસક્ષેપની ક્ષણો આવી ત્યારે પરમ ગુરુદેવશ્રી અતિશય ભાવુક થઈ જતાં એટલા અશ્રુતરબોળ-ગદ્ગદ્ થઈ ગયા કે પૂ. ગુરુદેવ અને અમે સર્વે એ ક્ષણે હર્ષાશ્રુથી-ભાવુકતાથી છલકાઈ ઊઠ્યા. શાયદ મારાં જીવનમાં આ સવોત્કૃષ્ટ ક્ષણો હતી. કે જેમાં મને ગુરુદેવોની વાત્સલ્યગંગામાં આકંઠ ડૂબી જવાનો લહાવો મળ્યો. પૂ. પરમ ગુરુદેવશ્રીનું મારાં પરનું આટલું પ્રબળ વાત્સલ્ય નિહાળીને હું ખરેખર ધન્ય થઈ ગયો.

સૌથી મહત્ત્વની વાત એ હતી કે મારાં ભગવતી સૂત્ર મહાયોગનું પારણું થયું એ પછી છટ્ઠા દિવસે પ્રભાતે પૂજ્યશ્રીને અંતિમ માંદગી આવી. જાણે કે એ મારા ભગવતીસૂત્રના યોગની નિર્વિઘ્ન પરિસમાપ્તિ માટે જ જીવિત રહ્યા ન હોય!! હું આ ઘટનાને પણ પૂ. પરમગુરુદેવશ્રીના નિઃસીમ વાત્સલ્યનો કુદરતી સંયોગ ગણું છું.

ત્યારે તો ઠીક,પણ અત્યારે ય આ ઘટનાનું વર્ણન કરતા મારી આંખો હર્ષના આંસુઓથી ભરાઈ ગઈ છે કે મારા ઉપર પરમ ગુરુદેવની લાગણી કેવી કાળજીભરી - હિતસ્વી હતી? બસ, આ હિતબુદ્ધિભરી કાળજી જ પારમાર્થિક વાત્સલ્ય છે. પૂજ્ય પરમગુ રુદેવશ્રી આવા વાત્સલ્યના નિઃસીમ સાગર હતા એ આ તેમજ આવી અન્ય ઘટનાઓમાં મેં વારંવાર અનુભવ્યું છે.

બસ ! હું તો પરમાત્માને માત્ર એટલી જ પ્રાર્થના કરું છું કે, ‘ગુરુ મળે, આ જ મળે, ભવોભવ મળે’!!



૩

# સુવાક્યબોર્ડ સમું ગુરુદેવનું જીવન

-પૂ. પં. શ્રી આગમરત્નવિજયજી ગણિવર

સાઇનબોર્ડ !! હાઇ-વે માર્ગ પર પ્રવાસ કરી રહ્યા હોઇએ ત્યારે ઠેર-ઠેર થોડા થોડા અંતરે સાઇનબોર્ડ નિહાળવા મળે છે. આ સાઇનબોર્ડ પર મુખ્યત્વે 'ઝડપની મજા, મોતની સજા...' 'સાવધાની હટી...દુર્ઘટના ઘટી...' 'સમય કરતા આપનું જીવન વધારે કિંમતી છે...' જેવી પ્રવાસીઓને સાવધાન કરતી સૂચનાઓ આલેખાયેલી હોય છે. સાઇનબોર્ડ હાઇ-વે પર પ્રવાસ કરનારા અનેક વાહનચાલકોને માટે ખૂબ ઉપકારક છે. કારણ કે ઠેર-ઠેર મુકાયેલા આવા સાઇનબોર્ડ્ને વારંવાર વાંચીને વાહનચાલકો પોતાનું જીવન ક્યાંક જોખમમાં ન મુકાઇ જાય એ માટે તકેદારીપૂર્વક વર્તે છે.

સુવાક્યબોર્ડ!! સરકારી પર્યટનસ્થળો હોય, નગરનું વિખ્યાત ઉદ્યાન હોય કે ધાર્મિક સંસ્થાનો હોયઃ આવા અનેક સ્થળોએ 'તમે ક્યાં છો? એ મહત્ત્વનું નથી... તમારી નજર ક્યાં છે ? એ મહત્ત્વનું છે...' 'સમયને સાચવશો તો સમય તમને સાચવશે...' 'જીવનમાં હસતાં ભલે રહો... પરંતુ હસવા જેવું જીવન તો ન જ બનાવશો...' જેવા મસ્ત મજાના સુવાક્યબોર્ડ નિહાળવા મળે છે. જે મુલાકાતી અને દર્શનાર્થીઓને ક્યારેક ઉત્તમ લક્ષ્યનો નિર્દેશ કરે છે, તો ક્યારેક તેમનાં જીવન માટે સુંદર દિશાસૂચન કરે છે; ક્યારેક જીવનની ઊણપો તરફ ધ્યાન દોરે છે, તો ક્યારેક જીવનની સમસ્યાઓનું સમાધાન પણ આપે છે... સુવાક્યબોર્ડ પર્યટનસ્થળોની અને ધાર્મિક સ્થળોની મુલાકાત લેનારા તેમજ દર્શનાર્થે આવનારા યાત્રિકો-ભાવિકો માટે ખૂબ ઉપકારક છે. કારણ કે આવા સુવાક્યબોર્ડનું વારંવાર વાંચન કરીને એ પ્રવાસીઓ-ભાવિકો પોતાનું જીવન એ સુવાક્યના નિર્દેશ પ્રમાણે ઉત્તમ બને-સુંદર બને એ માટે પ્રયત્નશીલ બને છે.

ટૂંકમાં,સાઇનબોર્ડ વ્યક્તિને સાવધાન બનાવવા દ્વારા તેનાં જીવનને સલામતી બક્ષે છે જયારે સુવાક્યબોર્ડ વ્યક્તિને ઉત્તમ બનાવવા દ્વારા તેનાં જીવનને સુંદરતા બક્ષે છે...

પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી પરમગુરુવર આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.એક એવા ગુરુવર હતા. જેઓશ્રીનું જીવન સાઇન બોર્ડ સમું તો હતું જ, સાથે સુવાક્ય બોર્ડ સમું પણ હતું... એ ગુરુવરે અમને દોષો સામે-દૂષણો સામે સાવધાન તો બનાવ્યા જ, પણ સાથે ઉત્તમ લક્ષ્યનિર્દેશ દ્વારા-સુંદર દિશાસૂચન દ્વારા-અમારાં જીવનની ખામીઓ સુધારવા દ્વારા અને સમસ્યાઓનું સમાધાન દર્શાવવા દ્વારા ઉત્તમતા તરફ ગતિશીલ પણ બનાવ્યા. આવો, ગુરુદેવનું જીવન કઈ રીતે સુવાક્યબોર્ડ સમું હતું? એ આપણે ત્રણ પ્રેરક પ્રસંગો દ્વારા નિહાળીએઃ

(૧) Simple living and high thinking : ગુરુદેવશ્રી જાપનાં ઉપકરણો જે કપડાની બેગમાં રાખતા હતા, તે ખૂબ પુરાણી હતી. એક દિવસ બપોરના સમયે ગુરુદેવ જાતે આ બેગની સિલાઇ કરતા હતા. અચાનક મારી નજર પડી. મેં પૂછ્યુંઃ "ગુરુદેવ! આ બેગ તો બહુ જૂની લાગે છે. કેટલા વર્ષ પુરાણી છે?" ગુરુદેવ કહેઃ "૨૩ વર્ષ પુરાણી છે." મેં વિનંતિ કરીઃ "આ બેગ ઘણી જર્જરિત અને ઘણીવાર સિલાઇ થઇ હોય તેવી દેખાય છે. એના કરતાં આને પરઠવીને નવી જ બેગ લઇએ તો સારું ને? અને સિલાઇ કરવી હોય તો તેનો લાભ પણ અમને જ આપવો જોઇએ ને? આપ આટલા મોટા શાસનપ્રભાવક આચાર્યભગવંત છો, આવું જર્જરિત વાપરો એ આપને કેમ શોભે?"

ગુરુદેવે તરત ઉત્તમ વિચારસરણીનો પરિચાયક ઉત્તર આપ્યો. "અરે! જૂનું તો સારું. કહેવત છે ને કે Old is Gold. આ બેગ ભલે પુરાણી છે-જર્જરિત છે. પણ જાપનાં ઉપકરણોના પરમાણુથી વાસિત થયેલી છે. ઉપકરણો વર્ષોથી આ જ બેગમાં રહેવાથી એ પણ ઉપકરણસ્વરૂપ છે. વળી એ એટલી જર્જરિત નથી કે જરા ય ચાલી ન શકે. એટલે જ નવી બેગ લેવા કરતા આ જ ચલાવવાની ઇચ્છા થાય છે. રહી વાત જાતે કરવાની. આમ પણ તમે બધા ય સાધુઓ ખૂબ જ ધ્યાન રાખો છો-ભક્તિ કરો જ છો. તો કો'ક નાનું કાર્ય હું પોતે પણ કરી લઉં તેમાં શું વાંધો?" આજે અન્યત્ર નાના સાધુઓ પાસે પણ લેંટેસ્ટ સાધનો અને જરૂરિયાત વગરના ઉપકરણોનો ભરાવો જોતા થાય છે કેવી Simplicity ગુરુદેવનાં જીવનમાં હતી અને કેવી ઉત્તમ તેઓશ્રીની વિચારસરણી હતી!! તેઓશ્રીનાં દરેક ઉપકરણો આવા જ સાવ સાદા અને વર્ષો જૂના હતા... તેઓશ્રીના આવા સાદાઈસભર જીવનને અને ઉત્તમ વિચારોને નિહાળીને એમ જ કહેવાનું મન થાય ને કે :- Simple living and high thinking

**(૨) ધિક્કાર કોઈના પર ન રાખો અને પ્રેમ હર કોઈ પર રાખો :** ગુરુદેવના ઉપકારોથી વાસિત સંઘમાં બનેલો આ પ્રસંગ છે. એ સંઘના અનેક કાર્યો ગુરુદેવશ્રીની કૃપાદષ્ટિનાં કારણે થયા હતા. કહો તો આખા સંઘની-તમામ ધર્મસ્થાનોની કાયાપલટ ગુરુદેવશ્રીના ઉપદેશ અને આર્થિક સહયોગ દ્વારા થયેલી. આવા અદ્ભુત કાર્યો જ્યાં થયા હોય ત્યાં સંઘ અને સંઘના અગ્રણી ટ્રસ્ટીઓ પણ કૃતજ્ઞભાવથી વાસિત થયેલા જ હોય.

એક સ્થાયી કાર્યને આગળ ધપાવવા બાબતે સંઘના ટ્રસ્ટીઓની મીટીંગ ગુરુદેવશ્રીની નિશ્રામાં મળી. એ વખતે હું તો નવદીક્ષિત હતો. પણ એ પ્રસંગની

અસર હજુ સુધી મારા દિલ-દિમાગ પર છે. મીટીંગમાં ચર્ચા-વિચારણા થઈ. ગુરુદેવે યોગ્ય નિર્ણયની પ્રેરણા કરી. નિર્ણય કરવાના સમયે એક ટ્રસ્ટીએ કોઇક કારણસર એ બાબતને ન સ્વીકારી. અન્ય ટ્રસ્ટીઓને ગુરુદેવની વાત તહત્તિ કરવાનું યોગ્ય લાગ્યું. એટલે નિર્ણય લેવાઇ ગયો. મીટીંગ પૂર્ણ થઈ. ગુરુદેવ પણ એવા ક્ષમાશીલ કે એમની વાતને ભૂલી જ ગયા. જે ટ્રસ્ટીએ મીટીંગમાં વાત નહોતી સ્વીકારી તે બીજે દિવસે સવારે વંદન કરવા આવ્યા. વંદન કરીને શાતાપૃચ્છા કરી. એ વખતે પણ ગુરુદેવનાં મુખ પર પહેલાં જેવું જ સ્મિત અને સૌમ્યતા. જાણે કાલે કાંઇ બન્યું જ ન હોય એ રીતે પૂર્વવત્ પ્રેમથી વાત કરી. પૂજયશ્રીનાં અકલ્પિત વર્તનથી પેલા ભાઇ પૂજયશ્રી પ્રત્યે અહોભાવિત બન્યા. એમનું મન કહી રહ્યું કે ગુરુદેવની પ્રેરણાનો પોતે અસ્વીકાર કર્યો તે અયોગ્ય કર્યું.

આ અદ્ભુત પ્રસંગ અમને જાણે ઉપદેશ આપી રહ્યો હતો કે તમે જો અંતઃકરણને ક્ષમાથી ભાવિત બનાવશો તો વિરોધી વ્યક્તિ પણ તમારા આશિક-અનુરાગી બન્યા વિના નહિ રહે.

(૩) **યોગી ન બની શકીએ તો કાંઈ નહિ, કો'કને ઉપયોગી તો બનીએ જ :** હવે કરવી છે ગુરુદેવના સહયોગ ગુણની વાત. પૂજયશ્રીની પ્રજ્ઞા વિશિષ્ટ હતી. એટલે અભ્યાસકાળમાં હતા ત્યારે સહાધ્યાયીઓને અભ્યાસમાં સહયોગી બનતા હતા. સમુદાયના ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતોને અનેકાનેક ગ્રન્થોના અભ્યાસ કરાવ્યા હતા, તો પૂજયપાદ ગુરુદેવશ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ને એમના અદ્ભુત શાસનપ્રભાવક કાર્યોમાં સહયોગી બન્યા હતા. એટલે જ તો પરમ ગુરુદેવશ્રીએ જીવન પર્યંત એમને પોતાનાથી વિખૂટા નહોતા પડવા દીધા. સહાધ્યાયી અને સ્વગુરુદેવો માટે તો તેઓશ્રી સહયોગી હતા જ. પણ શિષ્યોને સહયોગ આપવાની તેઓ અદ્ભુત વૃત્તિ ધરાવતા હતા. મારી દીક્ષાનું બીજું વર્ષ વિ.સં. ૨૦૫૮ નું. એ ચાતુર્માસ અમે ઘાટકોપર-નવરોજીલેન સંઘમાં હતા. અમારી પાંચ સાધુઓની વર્ષ પૂર્વે જ દીક્ષા થયેલી. પૂ.મુનિશ્રી રશ્મિરત્નવિજય મ.સા.અમારા સૌનો લોચ કરે. પણ એમનો લોચ કોણ કરે? અત્યાર સુધી લોચનું કાર્ય પૂ. પરમગુરુદેવશ્રી કરતા. પરંતુ હવે એમની વય જોતાં અમે સૌએ એમને તકલીફ ન આપવાનું નક્કી કર્યું હતું. એથી મેં કહ્યુંઃ ''હું લોચ કરી આપું.'' ને ઉત્સાહમાં મેં પહેલી જ વાર લોચ શરુ કર્યો. પણ અડધા લોચે મારો હાથ અટકી ગયો. હું લોચ આગળ કરી જ ન શક્યો. અડધો લોચ બાકી. બીજા સાધુઓ નવા. હવે કરવું શું? પરમ ગુરુદેવશ્રીએ એ વખતે પોતાની ઉંમર-અવસ્થા-પીડાનો વિચાર કર્યા વિના સામેથી આવીને એ લોચ પૂર્ણ કર્યો. ખબર હતી કે લોચ કરવાથી કમરનો દુઃખાવો વધશે અને છતાં તેઓશ્રીએ લોચ કર્યો.

પૂજયશ્રીને એ પછી ૧૫ દિવસ સુધી કમરનો અસહ્ય દુઃખાવો રહ્યો. અલબત્ત વેદના કરતા ય તેઓશ્રીનાં હ્રદયમાં સહયોગનો-શ્રમણને ઉપયોગી બન્યાનો આનંદ જ વધુ રહ્યો.

આ ત્રણ પ્રેરક પ્રસંગો દ્વારા નિહાળી શકાય છે કે પૂજયપાદ પરમ ગુરુદેવનું જીવન કઇ હદે સુવાક્યબોર્ડ સમું હતું. અલબત્ત સુવાક્યબોર્ડ જીવનનાં કોઇ એક ઉત્તમ લક્ષ્યને હાંસલ કરવાનો નિર્દેશ કે એકાદ દોષને દૂર કરવાનું દિશાસૂચન કરે છે. જ્યારે પૂજયપાદ પરમ ગુરુદેવશ્રીનું જીવન તો અનેકાનેક ગુણોની પ્રાપ્તિની અને અઢળક દોષોની નાબૂદીની પ્રેરણા આપી જાય છે...

પ્રસ્તુત લેખની પૂર્ણાહુતિ વેળાએ અંતર એક જ ભાવોર્મિ વ્યક્ત કરી રહ્યું છે કે 'જીવનની અંતિમક્ષણો પર્યંત એ ગુરુદેવનું અદ્ભુત જીવન મારી નજર સમક્ષ તાદશ રહે. જેથી ગુણોની પ્રાપ્તિનો અને કનિષ્ઠ દોષોની નાબૂદીનો સંદેશ તેઓશ્રીના પુનીત જીવનમાંથી મને સતત મળતો રહે...'

૪

## પંચાચારપાલક પૂજ્યપાદ પરમગુરુદેવશ્રી

-પૂ. પં. શ્રી ધર્મરત્નવિજયજી ગણિવર

જિનશાસનમાં શ્રી તીર્થંકર ભગવંતોના વિરહકાળમાં આચાર્ય ભગવંતોને સર્વોચ્ચ ગણવામાં આવે છે. એટલે જ સંબોધસિત્તરિગ્રન્થમાં પૂ.આ.શ્રી રત્નશેખરસૂરિજી મ. ઉલ્લેખ કરે છે કે 'તિત્થયરસમો સૂરિ ' મતલબ કે આચાર્યો તીર્થંકર સમાન છે.

જિનશાસનમાં જેમ આચાર્ય શબ્દ પ્રયોજાય છે તેમ અન્ય સ્થાને-અન્ય ધર્મોમાં પણ આચાર્ય શબ્દ બોલાય છે. સ્કૂલમાં શિક્ષકોમાં જે સર્વોચ્ચ સ્થાને હોય તેને આચાર્ય-પ્રિન્સીપાલના માનવાચક શબ્દથી ઓળખાવાય છે, તો જેઓ અભ્યાસ પૂર્ણ કરીને કોઈ એક વિષયમાં નિષ્ણાત થયા હોય તે વ્યક્તિને 'આચાર્ય'ની પદવી એનાયત થાય છે. દા.ત. ન્યાયાચાર્ય, સાહિત્યાચાર્ય, વ્યાકરણાચાર્ય...

અન્ય સ્થાને પ્રયોજાયેલા 'આચાર્ય' શબ્દનો સંબંધ જ્ઞાન સાથે છે. તેઓને આચાર સાથે કોઈ સંબંધ નથી હોતો. જ્યારે જિનશાસનના આચાર્યપદને મુખ્યત્વે આચાર સાથે સંબંધ છે. કારણ કે આચાર વિનાનું જ્ઞાન એકડા વિનાના મીંડા જેવું છે.



એક સુવાક્યમાં આચારનું મહત્ત્વ બતાવતાં સરસ વાત કરી છે કે ''મણ જેટલાં ઉપદેશ કરતા કણ જેટલું આચરણ વધારે મહત્ત્વનું અને અસરકારક છે.'' આચારનો મહિમા દર્શાવતો જૈનેતર રામાયણનો એક પ્રસંગ યાદ આવે છે :

એક વાર રાવણની લંકામાં નારદ પધાર્યા. રાવણ તેને હોંશે હોંશે લંકાની વિશેષતાઓ બતાવતો હતો. રાવણનાં મનમાં એમ હતું કે નારદ આ બધું જોશે તો દેશ-વિદેશમાં લંકાના ગુણ ગાશે અને મારી કીર્તિ ફેલાશે. આ આશયથી એક પછી એક અલગ-અલગ શાળા બતાવતો હતો. જ્યાં જુદા જુદા પકવાન બનતા હતા તે 'પાકશાળા' બતાવી... જ્યાં યુદ્ધ માટેના આયુધ રાખેલા હતા તે 'આયુધશાળા' બતાવી.અન્ય ઘણી બધી શાળા બતાવી. પણ નારદ પ્રશંસાનો એક હરફ પણ ઉચ્ચારતા નથી. છેવટે રાવણે સામેથી પૂછ્યું : ''કહો, મારી લંકા કેવી લાગી? '' નારદ કહે : ''તમે બધું બતાવ્યું. પણ એક શાળા બતાવી જ નહિ.'' રાવણ કહે : ''કઈ શાળા?'' નારદકહે : ''આચારશાળા કે જ્યાં સંસ્કારોનાં પાઠ શીખવાતા હોય. એના વિના બીજી બધી શાળાની કોઈ કિંમત-મૂલ્ય નથી....''

પૂ. દાદા ગુરુદેવનાં જીવન વિશે વાત કરું તો એમ ચોક્કસ કહી શકાય કે તેઓનું જીવન આ 'આચારશાળા'થી સુશોભિત હતું. મેં પંદર વર્ષનું શ્રમણજીવન તેમનાં સાન્નિધ્યમાં વીતાવ્યું છે. તેમાં પંચાચાર સંબંધી અઢળક પ્રસંગો દૃષ્ટિગોચર થયા છે. આવો, આપણે અહીં તેની કેટલીક ઝલકો નિહાળીએ :

(૧) **જ્ઞાનાચાર :-** જ્ઞાન મેળવવા પુરુષાર્થ કરવો, મેળવેલા જ્ઞાનને જાળવી રાખવું, સંવર્ધન કરવું. આ ત્રણે બાબત પૂ. દાદાગુરુદેવમાં હતી. બાલ્યાવસ્થામાં જે જ્ઞાન મેળવેલું હતું તે વૃદ્ધાવસ્થાના અંતિમ દિન સુધી તેઓશ્રીએ જાળવી રાખેલું. એટલે જ ૮૦ વર્ષની પ્રૌઢવયે સુમંગલા ટીકાના ભાવાનુવાદ સમયે સતત ૫-૬ કલાક ગુરુ દેવશ્રી તેમાં રત રહેતા હતા. આ ઉપરાંત અન્યોમાં જ્ઞાનનો વિનિયોગ કરવાની ગુરુદેવશ્રીની શક્તિ પણ અદ્ભુત હતી.

ભાયંદર-રથમંદિરનિર્માતા R.T. Shah દર વર્ષે ગુરુ મ. નાં વંદને આવે અને બે દિનની સ્થિરતા કરે. ડભોઈ ચોમાસામાં તેઓ તેમના પરિચિત અંકલેશ્વરના તત્ત્વજિજ્ઞાસુ ભાઈ સાથે આવ્યા. બપોરની ગોચરી બાદ ગુરુ મ. નાં સ્થાને વંદન કરીને બેઠા. પેલા તત્ત્વજિજ્ઞાસુ ભાઈએ કેટલીક શંકાઓ રજૂ કરી અને પૂ. દાદા ગુરુદેવે 'અરિહંતના ધ્યાને અરિહંત બની જશો' આ પંક્તિને 'ઈલિકા ભ્રમર ન્યાય' સાથે સલગ્ન કરીને જે રજૂઆત કરી એને પેલા ભાઈનાં મનની શંકા નિર્મૂલ કરી. આ ચર્ચા દૂરથી સાંભળતા મારું હૃદય પૂ. દાદા ગુરુદેવનાં જ્ઞાન પ્રત્યે અહોભાવ-બહુમાનભાવથી આનંદિત થઈ ગયું.

(૨) **દર્શનાચાર :-** એક સરસ પંક્તિ આવે છે 'જિનદર્શનં નિજદર્શનમ્' પરમાત્માનાં દર્શન કરો ત્યારે તમારાં જ આત્મસ્વરૂપનાં દર્શન કરો. આત્મસ્વરૂપે હું અને પરમાત્મા એક સમાન જ છીએ. તેમનાં કર્મનું આવરણ દૂર થયેલ છે. મારે દૂર કરવાનું બાકી છે. આ રીતની વિચારણાથી દર્શન કરતાં તલ્લીનતા - એકાકારતા આવે છે.

પૂ. દાદાગુરુદેવશ્રીને જિનાલયમાં દર્શન કરતા જોવા એ જીવનનો એક લહાવો અને સૌભાગ્યની નિશાની હતી. હાથ જોડાયેલા અને દૃષ્ટિ સતત પરમાત્મામાં સ્થિર થયેલી હોય. જાણે કે આત્મસ્વરૂપમાં જ તેઓ મગ્ન ન થયા હોય?

(૩) **ચારિત્રાચાર :-** તેઓશ્રી સ્વયં અષ્ટ પ્રવચનમાતાનાં પાલનમાં તત્પર હતા અને નિશ્રાવર્તી શ્રમણો ચારિત્રપાલનમાં તત્પર રહે તે બાબતે જાગૃત હતા. તેમનામાં ચારિત્રને નુકસાન કરનારી કોઈ એવી પ્રવૃત્તિ ન આવી જાય એનું ધ્યાન તેઓ સતત રાખતા હતા. આવો જ એક પ્રસંગ દર્ભાવતીતીર્થે બન્યો.

વિ.સં. ૨૦૬૭નાં ચાતુર્માસમાં શ્રમણ-શ્રમણી ભગવંતોના સમૂહ ૫૦૦ આયંબિલનો તપ સમાપનમહોત્સવ હતો. તેમાં સંઘે એક 'ડાયરા' નું આયોજન કર્યું હતું. ઉપાશ્રય હોલમાં આ કાર્યક્રમ થયો. લોકોને આ કાર્યક્રમમાં મજા આવી. સવારના ગોચરી માંડલીની શરુઆત થતી હતી ત્યાં જ એક શ્રમણ બોલ્યા : ''કાલ રાતનોકાર્યક્રમ લોકોને ખૂબ ગમ્યો.'' આવો કાર્યક્રમ ફરી રાખવો જોઈએ. તરત જ પૂ. દાદા ગુરુદેવશ્રી બોલ્યા : ''આમ ન બોલાય. ડાયરામાં ધાર્મિકતાનો છાંટો પણ ન હતો. ફક્ત હાસ્ય હતું. આપણાથી લોકપ્રવાહમાં ન તરાય. શાસ્ત્રમાં જે અનર્થદંડનું પાપ કહ્યું છે તે આમાં લાગે.''

કેટલી સૂક્ષ્મદષ્ટિ !! આને આપણે કહીશું ચારિત્રાચાર.

(૪) **તપાચાર :-** મારી દીક્ષા બાદ પૂ. દાદાગુરુદેવમાં બાહ્યતપ 'બાયપાસસર્જરી'નાં કારણે ભલે ન હતો. પરંતુ તપ પ્રત્યેનો આદર-બહુમાન ખૂબ જ હતો. તેઓશ્રી સાધુઓની જે ગોચરી આવે તે જ લેતા. વિશેષથી કાંઈ નહિ. ઘણી વાર બપોરના સાધુઓને આયંબિલ હોય ત્યારે તેઓ આયંબિલના દ્રવ્યો ખાસ વાપરતાં. તેઓશ્રી કહેતા : ''આ આયંબિલ તપનો આદર છે.'' સામાન્ય ગોચરીમાં ય તેઓશ્રી એકાદ દ્રવ્ય આયંબિલનું અવશ્ય લેતા. શક્તિ હતી ત્યાં સુધી સ્વયં તપારાધના કરી. શક્તિ નહોતી ત્યારે તપ પ્રત્યે આ રીતે આદર-બહુમાન રાખીને જપસાધના કરી. આને કહીશું આપણે શ્રેષ્ઠ તપાચાર.

જો કે, જીવનનાં અંતિમ પાંચ વર્ષોમાં નિત્ય બિયાસણા અને છેલ્લી માંદગી સુધી નિત્ય સ્વાધ્યાય વગેરે તેમનાં જીવનમાં બાહ્ય-અભ્યંતર તપ પણ હતા જ.

(૫) **વીર્યાચાર :-** પંચાચારની આઠ ગાથાઓમાં જ્યાં વીર્યાચારની વાત આવે છે ત્યાં વીર્યાચારની વ્યાખ્યા કરતાં લખાયું છે કે 'ઝુંઝઈ ય જહાથામં, નાયવ્વો વીરિયાયારો' મતલબ કે શક્તિ હોય ત્યાં સુધી ઝઝુમવું - આરાધનામાર્ગમાં પુરુષાર્થશીલ રહેવું એ વીર્યાચાર છે. પૂ.દાદાગુરુદેવશ્રી ૮૪ વર્ષની વય સુધી પોતાનાં કાર્ય સ્વયં કરતા. અમે ઘણી વાર લાભ આપવાની વાત કરીએ તો તેઓ કહેઃ '' આ રીતે સ્વયં કાર્ય કરવાથી શરીરની સ્ફૂર્તિ રહે અને મન પ્રવૃત્તિમાં રહે''. ૭૯ વર્ષની વયે તેઓશ્રીએ દશ હજાર શ્લોક પ્રમાણ ભાવાનુવાદ કર્યો એ પણ વીર્યાચારનો શ્રેષ્ઠ પ્રકાર જ ગણાય ને?

મારા જીવનમાં પણ આ પંચાચાર ખૂબ સુંદર રીતે વિકસ્વર બને એ જ અંતરઅભિલાષાપૂર્વક પંચાચારના પાલક એ પૂ. દાદાગુરુદેવશ્રીનાં ચરણકમલમાં ભાવપૂર્ણ હૃદયાંજલિ ...

૫

# સાચા અર્થમાં ક્ષમાશ્રમણ

-પૂ. મુનિશ્રી હિતરત્નવિજયજી મ.

દુનિયામાં ૩ પ્રકારના જીવો હોય છેઃ (1) જેઓ પોતાને હેરાન કરનાર વ્યક્તિને 'અપરાધી' માનીને સજા કરે છે. (2) જેઓ પોતાને હેરાન કરનાર વ્યક્તિને 'અપરાધી' માને ખરા, પણ ઉદારતાથી ક્ષમા આપી દે છે અને (3) જેઓ હેરાન કરનાર વ્યક્તિને 'અપરાધી' જ નથી માનતા. પહેલા પ્રકારના જીવો 'Tit for Tat' અર્થાત્ 'જેવું કરો તેવું પામો'ની વૃત્તિવાળા હોય છે. બીજા પ્રકારના જીવો પ્રવચન વગેરે શુભ યોગોનાં કારણે મૈત્રીભાવનાથી ભાવિત થયેલા હોય છે, જેથી અપરાધીને પણ ક્ષમા આપી શકે છે. જ્યારે ત્રીજા પ્રકારના જીવો તો 'હું હેરાન થઇ રહ્યો છું' આ લાગણીને ગણકાર્યા વિના પોતાના કર્મોને જ અપરાધી માનતા રહે છે. જેથી સામેની વ્યક્તિ પ્રત્યે 'અપરાધી' તરીકેની કલ્પના જ મનમાં જાગતી નથી!

ત્રીજા પ્રકારના જીવોની ભૂમિકા સર્વોત્કૃષ્ટ છે. આત્મા જ્યારે મોહનીય કર્મોનાં બંધનથી અત્યંત મુક્ત બનવા જઇ રહ્યો હોય ત્યારે જ આ ભૂમિકા પ્રગટે છે. ૬૮ વર્ષ સુધી સર્વવિરતિધર્મને સાધનારા અમારા પરમોપકારી પરમગુરુદેવ પૂજ્યપાદ પરમશાસન પ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ને ઉચ્ચતમ પરિણતિની દ્યોતક એવી ત્રીજા પ્રકારના જીવોની ભૂમિકા પ્રાપ્ત થઇ હતી. તેમની છત્રછાયામાં વીતાવેલા સંયમજીવનનાં 15 વર્ષોમાં પ્રાયઃ મેં એમને કોઇ શિષ્ય અથવા શ્રાવક સાથે રોષ અથવા આક્રોશથી વાત કરતા જોયા નથી. હા, કદાચ શિષ્યોને એમની ભૂલો વિષે ટકોર કરવી હોય તો એમાં એમને ક્યાંય કચાશ નથી રાખી. પણ પોતાની અનુકૂળતા નંદવાઇ અને તેઓ કષાયાધીન થઇ ગયા હોય એવું તો ક્યારે ય બન્યું નથી. કદાચ એવું ય બને કે જે નિમિત્તોને વશ થઇને આપણે સહુ ક્રોધ કરી બેસીએ, એવા સમયે પણ એમની સમતામાં ઊણી આંચ ન આવે. એવો એક સુંદર પ્રસંગ એમના કાળધર્મના લગભગ 15-17 દિવસ પૂર્વે જ બન્યો હતો.

તેમનો કાળધર્મ થયો વિ.સં. ૨૦૭૧, જેઠ વદ-૩ના દિવસે. તેનાથી 13 દિવસ પહેલા તેઓ સપરિવાર ભાયંદરની સમીપ આવેલા શ્રી પીયૂષપાણિ તીર્થમાં બિરાજમાન હતા. સામાન્યતઃ વિહારના દિવસોમાં મુકામે પહોંચ્યા બાદ શરીર અત્યંત શ્રમિત થઇ જાય, જેનાં કારણે અભ્યાસમાં રૂચિ ન જાગે. માટે અમે સહુ સવારના જ થોડો સમય આરામ કરી લઇએ. જેથી આગળની સાધનાઓ-સ્વાધ્યાય વગેરે સ્ફૂર્તિપૂર્વક કરી શકાય. પણ સાહેબજી સવારનો સંપૂર્ણ સમય શ્રમને વીસરી જઇને પોતાનાં કાર્યો કરતાં રહે અને મધ્યાહ્ન સમયે આરામ કરે. એ દિવસે પીયૂષપાણિ તીર્થમાં પણ આમ જ બન્યું. લગભગ બારેક વાગ્યા આસપાસ તેઓ સંથાર્યા. પણ હજુ તો માંડ 10-15 મિનિટ વીતી હશે અને પાર્લાથી બે પરિચિત શ્રાવકો તેમને વંદનાર્થે આવ્યા.

પૂજ્યશ્રીને નિદ્રાધીન જોઈ તેઓ પૂજ્યપાદ આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. સા.પાસે ગયા. વંદન-વાર્તાલાપ દરમિયાન ખ્યાલ આવ્યો કે તેઓ જિનાલયની ધ્વજા પર પૂજ્યશ્રીના હસ્તે વાસક્ષેપ કરાવવા આવ્યા હતા. પૂજ્યશ્રી હજુ થોડા સમય પહેલા જ સંથાર્યા હતા અને શ્રાવકોને અગત્યનાં કાર્ય માટે તુર્ત આગળ જવું પડે એમ હતું.પૂ.આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ને મૂંઝવણ થઈ કે પૂજ્યશ્રીને જાગૃત કરવા કે નહિ? આખરે ધ્વજા પર વાસક્ષેપની શ્રદ્ધામંડિત ભાવના જોઈને એમણે ગુરુદેવને જાગૃત કરવાનો નિર્ણય લીધો. એક શિષ્યને આ માટે આજ્ઞા કરી.

પેલા સાધુ ભગવંત ત્યાં ગયા અને ગુરુદેવને જાગૃત કરીને શ્રાવકોને વાસક્ષેપપ્રદાન કરવા વિનંતિ કરી. સાચું કહું? એ સમયે મને મનમાં વિચાર આવ્યો કે માની લો કે આ વખતે સાહેબજીનાં સ્થાને જો હું હોત તો મારું શું થાત ? શક્યતા એ જ છે કે કદાચ હું તો નારાજગી વ્યક્ત કરી બેસત.

પણ સાહેબજીએ આવું કાંઇ ન કર્યું. ઘડિયાળમાં સમય જોઇને શિષ્ય ઉપર નારાજ પણ ન થયા અને ન તો શ્રાવકો સમક્ષ અપ્રીતિ કે અણગમાનો ભાવ દર્શાવ્યો! બલ્કે એમની સમક્ષ જોઇને સ્મિત કર્યું અને પ્રસન્નવદને વાસક્ષેપ ગ્રહણ કરવા સમીપ બોલાવ્યા.

અમને આશ્ચર્ય થયું કે શું ગુરુદેવને આવા સમયે કોઇ નારાજગી-અપ્રીતિ કે સંક્લેશ ઉત્પન્ન નહીં થયો હોય? કદાચ પૂર્વ ભવોની ઉત્કૃષ્ટ સાધનાનું જ આ પરિણામ હશે કે જેથી તેઓશ્રીને અવ્વલ કક્ષાનો 'સમતા' ગુણ પ્રાપ્ત થયો હતો. મને પણ એમના જેવી 'સમતા' આત્મસાત્ થાય એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના... એ જ પૂજ્યશ્રીને પ્રાર્થના.



# 'સુહગુરુજોગો' : એ જ અમારી પ્રાર્થના

-પૂ. મુનિ શ્રી અક્ષયરત્નવિજયજી મ.

વસ્ત્રપરિવર્તન કરવાનું હોય ત્યારે એ માટે વ્યક્તિ ખુશીથી તૈયાર થઇ જતી હોય છે. કારણ... એને વસ્ત્રપરિવર્તન કરવાનું-નવાં નવાં વસ્ત્રો પરિધાન કરવાનું ખૂબ ગમે છે. આ જ કારણે વસ્ત્રપરિવર્તન માટે એ સ્વયં લાલાયિત હશે-ઉત્કંઠિત હશે-સમજદાર વ્યક્તિને આ માટે વિશેષ કાંઇ જ કહેવું નહિ પડે.

પણ સબૂર ...! વસ્ત્રપરિવર્તનનાં સ્થાને વસ્ત્રાહરણ હોય તો? વ્યક્તિ વસ્ત્રાહરણ માટે હરગિજ તૈયાર નહિ હોય. કારણ... એનાં વસ્ત્રો કોઇ જબરદસ્તી આંચકી લે-એની ઇચ્છાવિરુદ્ધ એને કોઇ વસ્ત્રો બદલાવે એ એને જરા ય પસંદ નથી.

ટૂંકમાં વસ્ત્રપરિવર્તન વ્યક્તિને ઇષ્ટ લાગે છે અને વસ્ત્રાહરણ એને અનિષ્ટ લાગે છે; વસ્ત્રપરિવર્તન એની પસંદગીની વાત છે અને વસ્ત્રાહરણ માટે એને ભારોભાર અપ્રીતિ છે.

બસ, યોગીપુરુષનું-સંતપુરુષનું-મહાપુરુષનું મૃત્યુ-દેહત્યાગ આ વસ્ત્રપરિવર્તન જેવું હોય છે. તેઓ સુકૃતોનાં શિખરે ઊભા રહીને મૃત્યુને WEL COME કહેવા તૈયાર હોય છે, સાધના દ્વારા જીવનને કૃતાર્થ બનાવીને તેઓ મૃત્યુ માટે પણ જાણે લાલજાજમ બિછાવતા હોય છે. એમનાં જીવનની અને મનઃસ્થિતિની તાસીર 'સૈફ' પાલનપુરીની આ શાયરી સમી હોય છે કે :

**અહીંથી ઊઠું ને મોત સામે મળે, એનો સહેજે ગમ નથી,**
**જીવનકિતાબના હિસાબ ચોખ્ખા, પછી મરવામાં જોખમ નથી...**

એથી ઊલટું, દોષબહુલ વ્યક્તિનું-પાપી વ્યક્તિનું મૃત્યુ વસ્ત્રાહરણ જેવું હોય છે.મૃત્યુ આવે ત્યારે તેમની મનઃસ્થિતિ મૃત્યુને હાથતાળી આપવાની-મૃત્યુથી ભાગી જવાની હોય છે. મૃત્યુને તેઓ 'Go back' કહેવાની માનસિકતા ધરાવતા હોય છે અને તે છતાં ય મૃત્યુ જ્યારે તેમને સકંજામાં લઇને જ રહે ત્યારે હાયવોય સાથે તેમનું જીવન સમાપ્ત થતું હોય છે.

પરમતારક જિનશાસનમાં મરણસમયની મનની સમતાને-મરણસમાધિને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. એટલે જ તો પ્રણિધાન સૂત્ર 'જયવીયરાય'માં પ્રભુ સમક્ષ કરાતી ૧૩ પ્રાર્થનાઓ પૈકીની એક પ્રાર્થના 'समाहिमरणं च' રૂપે સમાધિમરણની પ્રાપ્તિની કરાઇ છે.

ખ્યાલ રહે કે મૃત્યુ આવે ત્યારે દુઃખી થવાથી-ભયભીત થવાથી પરિણામ બદલાતું નથી. માટે અંતિમ સમયે હાયવોય કરવાના બદલે દરેક જીવનનો છેડો મૃત્યુને અવશ્ય અડે છે એ સત્ય સમજીને અંતિમ ઘડી કેમ પાવન થાય? એ માટેના પ્રયત્નો માત્ર મૃત્યુ સમયે જ નહિ, બલ્કે જીવનની પ્રત્યેક પળે કરવા જોઇએ. મળેલી પાંચે ય ઇન્દ્રિયોનો અને મન-વચન-કાયારૂપ ત્રણે ય યોગોનો ક્યાંય દુરુપયોગ ન થાય, સદુપયોગ જ થાય એ માટે સતત જાગૃત રહેવું જોઇએ. યાદ રહે, જીવન દરમિયાન જે સંસ્કારો મનમાં ઘુંટાયા હશે એ સંસ્કારો મૃત્યુસમયે આપોઆપ પ્રગટ થતા હોય છે.

આજે જે ગુરુદેવ વિશે વાત કરવી છે તે અમારા સહુના શિરચ્છત્ર વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. નું જીવન પણ સાધનાના સંસ્કારોથી આ હદે વાસિત બન્યું હતું. કહી શકાય કે સાધનાના સંસ્કારો એમના માટે સંસ્કારો જ ન રહેતા સ્વભાવ બની ચૂક્યા હતા. એટલે જ એ સાધના-આરાધનાનો તેમનો સ્વભાવ પ્રગટાવતી ઘટનાઓ તેમનાં જીવનના અંતિમ દિવસોમાં પણ અનેક બની હતી.

આપણે અહીં પ્રતીકરૂપે ફક્ત એક જ ઘટના નિહાળીએઃ

જેઠ શુદિ-૬, તા. ૨૪/૫/૨૦૧૫, રવિવારનો એ દિવસ...

નેશનલ હાઇ-વે નં. ૮ ઉપર ગિરનારધામ (વિહારધામ)નું સ્થાન...

વહેલી સવારનો લગભગ ૩ઃ૩૦ કલાકનો સમય...

એ દિવસે પૂજ્ય ગુરુદેવશ્રીનો વસઇનગરમાં પ્રતિષ્ઠામહોત્સવ નિમિત્તે પ્રવેશ હતો. લગભગ ૧૧ કિ.મી.નો વિહાર કરીને ત્યાં પહોંચવાનું હોવાથી સહુ શ્રમણો અને પૂ. ગુરુદેવશ્રી પણ આવશ્યક ક્રિયાઓ માટે વહેલા જાગૃત થઇ ચૂક્યા હતા.

પૂજ્ય ગુરુદેવને મસ્તકમાં બ્રેઇન સ્ટ્રોકનું કાતિલ આક્રમણ થયાની એ દશ મિનિટ પૂર્વેની જ ઘટના : ઊઠીને પ્રભુસ્મરણ કર્યા બાદ તરત જ પૂ. ગુરુદેવ લઘુનીતિ જવા તૈયાર થયા. પણ... રોજની જેમ એ દિવસે તેમની પાટ નીચે ભૂમિપ્રમાર્જના માટે દંડાસન મૂકવામાં નહોતું આવ્યું.

વહેલી સવારનું ઘોર અંધારું... એમાં ગુરુદેવ જો દંડાસન વિના જ લઘુશંકાર્થે નીસરે તો જીવરક્ષા શેં પળાય? તેઓ ત્યાં જ ઉભા રહ્યા. નિકટ રહેલા મુનિ પ્રશમરત્નવિજયજી પાસે દંડાસન માંગ્યું અને દંડાસન મેળવ્યા પછી જ પ્રમાર્જનાપૂર્વક લઘુશંકાનિવારણ માટે પધાર્યા.

જીવરક્ષાનો કેવો રૂડો ભાવ !!

આવા એ મહાન ગુરુદેવ હતા... જીવનભર સાધના-આરાધના ઘુંટાઇ હોય ત્યારે જ કાતિલ રોગનાં આક્રમણની પૂર્વક્ષણોમાં પણ પરિણતિનો દીવડો અંતરના

કોડિયામાં આ રીતે ઝગમગતો હોય ને?

દુનિયા એમનાં યશસ્વી કાર્યોને નિહાળીને એ ગુરુદેવને પરમશાસનપ્રભાવક કે શાસનરક્ષક ગણી લેશે. પણ હું એ ગુરુદેવની આવી અનેક અદ્‌ભુત આરાધના-પરિણતિ વગેરે નિહાળીને એમને શાસનઆરાધક ગણીશ.

આવા તારક ગુરુદેવ શિરચ્છત્રરૂપે મળ્યા તેથી હર્ષથી હૃદય છલકાઈ રહ્યું છે. સાથે હૃદયનાં એક ખૂણામાં દુઃખની લાગણી પણ અનુભવાઈ રહી છે. કારણ કે ઉપરોક્ત અદ્‌ભુત-હૃદયસ્પર્શી ઘટના સમયે અમને એ ગુરુદેવનું પુણ્ય સાંનિધ્ય સાંપડ્યું નહોતું.

એ જ વર્ષે ચૈત્ર વદિ-૧૪, તા. ૧૭/૪/૨૦૧૫, શુક્રવારથી જેઠ વદિ-૨, તા. ૪/૬/૨૦૧૫ ગુરુવાર દરમિયાન ગિરનારધામથી ૪૫ કિલોમીટર દૂર નેશનલ હાઈ-વે નં. ૮ ઉપર પૂજ્યપાદ યુગદિવાકર ગુરુદેવ શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની પુણ્યસ્મૃતિમાં નિર્મિત શ્રી ધર્મધામ નાગેશ્વરપાર્શ્વનાથતીર્થની ભવ્ય ભૂમિમાં સમર વેકેશનમાં ઉપધાનતપની આરાધના પણ યોજાઈ હતી. એ આરાધનાનાં આયોજનો પૂ. ગુરુદેવશ્રીની નિશ્રાપૂર્વક જાહેર થયા બાદ મુંબઈ મહાનગરમાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા અનેક વિશિષ્ટ શાસનપ્રભાવક કાર્યોના યોગ સર્જાયા. એટલે ગુરુદેવશ્રીએ મુંબઈનાં શાસનપ્રભાવક કાર્યોમાં નિશ્રા પ્રદાન કરવાનું અને માળારોપણ દિને ધર્મધામતીર્થમાં નિશ્રા પ્રદાન કરવાનું નક્કી કરીને અમને ચાર મુનિવરો ને ઉપધાનતપ આરાધના માટે ધર્મધામતીર્થે મોકલ્યા. ઉપરોક્ત ઘટના બની એ દિવસે અમે ચાર મુનિવરો ઉપધાનતપ આરાધનાર્થે ધર્મધામતીર્થમાં જ હતા. એટલે પૂ. ગુરુદેવશ્રીનું આજ્ઞાસાંનિધ્ય અમારી સાથે જરૂર હતું, પણ સદેહે નિશ્રાસાંનિધ્ય તો નહિ જ ને?

મને તો લાગે છે કે ગુરુદેવશ્રીને આ ઘટનાના સંકેત પણ પૂર્વે મળી જ ચૂક્યા હશે. તેથી જ મુંબઈમાં વિશિષ્ટ શાસનકાર્યો નક્કી થતા ગયા ત્યારે તેઓ અમને હસતા હસતા કહેતા હતા કે, ‘‘હવે પૂર્ણ ઉપધાન કરાવવાના બદલે અઢાર દિવસના જ કરી દઈએ...’’ એમનું હાસ્ય હકીકતમાં ફેરવાયું હોત તો કદાચ એ દિવસે અમે સૌ પણ ગુરુદેવનાં સાંનિધ્યમાં જ હોત...

ધર્મધામ તીર્થે રહેલા અમે સૌ મુનિવરો તેમજ ઉપધાનતપના નાના-મોટા સહુ આરાધકો ગુરુદેવનાં આગમનની ચાતક નજરે પ્રતીક્ષા કરી રહ્યા હતા. ગુરુદેવે એ માર્ગ ઉપર વિહાર પ્રારંભ્યો પણ ખરો. કિંતુ જાન લઈને આવેલા નેમિનાથ પ્રભુ જેમ તોરણે આવીને પાછા ચાલી ગયેલા તેમ તેઓ પણ આકસ્મિક પાછા ફરી ગયા... પેલી જૈનેતર કાવ્યપંક્તિઓ આ સંદર્ભમાં યાદ આવી જાય છે કેઃ

**જુઓ પાંડવ અને કૌરવ, બહુ બળિયા ગણાયછે;**
**ન જાણ્યું ભીષ્મ જેવાએ, સવારે શું થવાનું છે...**
**થવાનું ના થવાનું કહે, નજૂમી કોણ એવો છે?**
**ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે...**

આ જ દિવસો દરમિયાન પૂ. ગુરુદેવશ્રી મારા સંસ્કૃત લેખોના પ્રૂફ તપાસી રહ્યા હતા. ધર્મધામથી અમે પ્રૂફના કાગળ મોકલીએ અને ગુરુદેવ એ તપાસીને પુનઃ ધર્મધામ મોકલે. સામાન્યતઃ તેઓશ્રી પ્રૂફસંશોધનાદિ કાર્ય મનની સ્ફૂર્તિ અને પ્રસન્નતા હોય ત્યારે જ કરે. અન્ય કાર્યોની પ્રચુર વ્યસ્તતા હોય ત્યારે અલ્પ કરે. પણ એ દિવસોમાં શાસનકાર્યોની તેમજ વિહારાદિની અતિ વ્યસ્તતા હોવા છતાં ય તેઓ વારંવાર પોતાના હસ્તાક્ષરોમાં પત્ર લખીને મને આશીર્વાદ આપવા પૂર્વક જણાવતા હતા કે ‘હવે જલ્દી કરશો, પ્રૂફના નવા પેજ જલ્દીથી મોકલશો.’ આ શબ્દોના ગર્ભિતાર્થની જાણ અમને દોઢ માસ પછી, એટલે કે જેઠ શુદિ-૬ના દિને જ્યારે ગુરુદેવને બ્રેઈનસ્ટ્રોકનો હુમલો આવ્યો ત્યારે જ થઈ કે શા માટે ગુરુદેવ પ્રૂફના નવા પત્રો ‘જલ્દીથી’ મંગાવતા હતા...?



‘उपमितिभवप्रपंचा’ ગ્રંથમાં કહ્યું છે કે **एकोऽपि शुभो भावो: भगवत्प्रसादलभ्यत्वात्।** અર્થાત્ એક પણ શુભ ભાવ-શુભ વિચાર જો મનમાં આવે છે તો એ પ્રભુકૃપાનું પરિણામ છે. અહીં ‘भगवत्’ શબ્દને દ્વિઅર્થી ગણીને તેમાં ગુરુનો પણ ઉપચાર કરીએ તો ચોક્કસ કહી શકાય કે પૂજ્ય ગુરુદેવશ્રીએ અમને આરાધનાના ભાવ આપ્યા છે, અમારો આત્મવિશ્વાસ કેળવ્યો છે, અમને અભ્યાસરત બનાવ્યા છે, અમારા ઉપર વાત્સલ્યની અમીવૃષ્ટિ વરસાવી છે, અમને શાસનપ્રિય અને સંયમપ્રિય બનાવનાર પણ એ ગુરુદેવ છે. ટૂંકમાં કહીએ તો અમારા વેરાન વન જેવા જીવનને નંદનવન બનાવનાર એ મહાન ગુરુદેવ છે. એટલે જ તેઓશ્રીએ છેલ્લા દોઢ માસમાં વારંવાર સંસ્કૃત લેખોનાં માધ્યમે સંસ્કૃત અભ્યાસની પ્રેરણા કરી હતી.

અસ્તુ. મારા માટે આશ્વાસન એટલું છે કે જેઠ શુદિ-૬ના પૂર્વદિને સાંજે મારા સાંસારિક માતા-પિતા સુધાબેન અને શૈલેષભાઈ પૂ. ગુરુદેવશ્રીને વંદનાર્થે આવ્યા ત્યારે તેમની સાથે પૂ. ગુરુદેવશ્રીને પત્ર દ્વારા અંતિમ વંદના પાઠવવાનું અને શાતા પૂછવાનું સૌભાગ્ય મને મળ્યું હતું... આવા ભવોદધિતારક, અનંતોપકારી ગુરુદેવને નતમસ્તકે વંદનપૂર્વક હૃદયની વિનંતિ છે કે **‘‘ઓ વહાલા ગુરુદેવ ! આપ તો જ્યાં હશો ત્યાં પુનઃ પ્રભુશાસન પામી આત્મિક ઉત્થાનની પ્રક્રિયામાં લાગી ગયા હશો. પણ... અમે તો અમારી જીવનનાવનું સુકાન આપને સોંપ્યું હતું. અમને તારવાની જવાબદારી આપનાં મસ્તકે છે. ભલે પરોક્ષ રીતે અદ્યાપિ આપ અમારી જીવનનાવનું સુકાન સંભાળી રહ્યા હો, પણ પ્રત્યક્ષ રૂપે પુનઃ એ સુકાન સંભાળવા આપ ‘જલ્દીથી’ પધારશો ને ? આપ છેલ્લે છેલ્લે મારા પરના પત્રોમાં ‘જલ્દીથી’ શબ્દ લખતા હતા. આજે હું પણ આપને એ જ શબ્દ પુનઃ પુનઃ લખું છું કે ‘જલ્દીથી’ પધારશો ને?’’**

‘सुहगुरुजोगो’ આ સૂત્રપંક્તિનાં માધ્યમે આવા તારક ગુરુદેવ ભવોભવ મળે એવી પ્રભુને પ્રાર્થનાપૂર્વક એ ગુરુદેવ માટે અંતે હૃદયસ્પર્શી વાક્ય આલેખવું છે કે :

**જોઈએ ‘એટલા’ માનવી, જગમાં ખૂબ જડે છે...**
**પણ... જોઈએ ‘એવા’ માનવી, જગમાં કો’ક જડે છે...**



# स्मृतिशेवधि:

–पू. मुनि:श्री अक्षयरत्नविजयजी महाराज:

न्यग्रोधो विशालो भव्य: सुरम्यश्च दृश्यते कामम्। नैकेभ्यो मार्गिकेभ्य: स श्रमोपशमं प्रदत्ते। परितापे त्रस्तजनेभ्य: स परितोषं प्रदत्ते। अत एव प्रवासिभिरपि तस्मै धन्यवाद: प्रदीयते। परं, भूम्यन्तर्गतं मूलमेव वृक्षनाथस्याऽस्या विशालताया भव्यताया रम्यतायाश्च कारणम् । न्यग्रोधो हरिन्निश्चलश्च दृश्यते धरान्तर्निहितेन मूलेनैव । अतो वृक्षनाथादपि तन्मूलमधिकं धन्यवादार्हम्।

देवप्रासादशृङ्गमतीवोन्नतं गगनस्पृक् च भवेत् कामम् । तस्योपरि मनोहरा वैजयन्ती तरङ्गायमाना भवेदपि। तं शिखरमवेक्ष्य जना उत्तमाङ्गं नामयेयु:, सर्वे च तस्योन्नततां स्तुयु:। परं स्वाऽस्तित्वं विलीय धरायामवस्थिता कूर्मशिलैव शिखरस्य प्रशस्याया उन्नतताया: कारणम्। कूर्मशिला पृथिव्यामवातिष्ठत्, तत एव देवालयशृङ्गमीदृशीं गगनस्पृगुत्तुङ्गतां प्राप्नोत्। अत: शिखरादपि धरण्यामवस्थिता कूर्मशिला नूनमधिका श्लाघनीया।

अद्भुतालये रम्यं शिल्पं सञ्चीयते कामम्। सहस्रशो जनैस्तदभिरामं शिल्पं निरीक्ष्यते। तस्य रम्यतामवलोक्य सर्व आनन्दयन्ति । तच्छिल्पं निरीक्षितुं सर्वे गणीभवेयु:, ऐकमत्येन च तत् प्रशंसेयु:। परं, शिल्पजीविनो विस्मयदं नैपुण्यमेव शिल्पस्य रम्यताया भव्यतायाश्च कारणम्। कर्कशे प्रस्तरेऽपि शिल्पिनाऽनुत्तरा शिल्पविद्योपयुक्ता, तत एव शिल्पमीदृशं मनोरमं सौन्दर्यमधिगतवद्। अत: शिल्पादपि शिल्पकारिण: कौशल्यमधिकं स्तुत्यम्।

न केवलं दृश्यमानविश्वे, किन्त्व ध्यात्मविश्वेऽपि नियमोऽयमेव।

विनेय: सहस्रश: श्लोकान् कण्ठस्थीकुर्यादविरामेण च वदेत्, प्रभावकप्रवचन–कर्तृत्वमालभेत, प्रकृष्टपुण्येश्वरत्वं प्रतिलभेत चारित्रस्य च प्रांशुपरिणतिमपि वहेत् कामम्। जनास्तस्य पाण्डित्यं पूजयेयु:, तस्य प्रभावकतां प्रतिनन्देयु:, तस्य प्रकृष्टसौभाग्योदयेन प्रीणीयु:, तस्य संयमपरिणतिमर्चयेयु:,अनेन कारणेनैव च तेन कृतां प्रेरणामन्त:करणेनाङ्गीकुर्यु:। परं, अमेयकरुणावृष्टिं कृत्वा तस्मै विरलताया उत्तमतायाश्च प्रदाता गुरुरेव शिष्यस्याऽस्या बाह्यान्तरङ्गसमृद्धे:कारणम्। विनेय इदमैश्वर्यं लभते परमकृपालुना गुरुणैव। अत: शिष्यादपि तस्य वदान्यगुरुरधिक: साधुवचनार्ह:।

यद्यपि, विशालो वृक्षनाथो विश्रामं ददाति शरणापन्नजनेभ्य एव। देवनिकेतनीयं गगनस्पृक् शिखरं स्वोत्तुङ्गतां दर्शयति स्वं दृष्टुर्जनस्येव। अलौकिकालयस्थितं शिल्पं सुखं विस्मयं च प्रदत्ते स्वं वीक्षकेभ्यो जनेभ्य एव। परमितो गुरुर्नाम विरलं व्यक्तित्वम्, यो विनैव याञ्चां सकलाभि: स्वस्थितविशिष्टताभिर्विनेयस्य जनिमपि रचयति राजमानाम्।

आसुधर्मस्वामिनमद्य यावज्जिनशासनेऽस्मिन्नीदृशानां महतां गुणसम्पन्न–गुरुवराणामविच्छिन्ना यशस्विपरम्परा विद्यते। अस्या: प्रथायारेवैके महान्तो गुरुवरा नाम मम पुण्यश्लोकपरमगुरुवरा: पूज्यपादारविन्दा विरलगुणग्रामाढ्या: परमशासनप्रभावका: प्रौढप्रभावशालिन: परमोपकारिण:सूरिपुङ्गवा: श्रीमद्विजयसूर्योदयसूरीश्वरा:।

पूज्यपरमगुरुवराणां विरलो गुणवैभवोऽस्मान् सर्वानस्पृशत्। उपकृतिभिस्तेषां सर्वेऽपि वयं अनुगृहीता: स्म:। अधुना ममैव कथामारेभे–गुरुवराणामनुग्रहो चारित्रग्रहणदिनादारभ्य तत्रभवतां जीवनस्यान्तिमं दिनं यावन्मयि निरन्तमवर्षत्। अहं कृतवेद्यस्मि । अत एव 'तमे सूरज थईने चमक्या' इति भव्यस्मृतिग्रन्थमाध्यमतस्तेषां विरलं गुणाढ्यं जीवनं प्रस्तूयतेऽधुना तदा नित्यस्मरणपटस्थानां गुरुवराणामु–पकारावलिं नवभिरुपकारप्रसङ्गै: स्मर्तुं वितरितुं च समुद्यतोऽस्म्यहम्।

१) संयमदानम् – दीक्षाग्रहणदिनादद्ययावन्गुरुवरै: सर्वदा मह्यं दत्तमेव, प्रतिफलं कदापि न किञ्चिद याचितं तैर्मम सकाशात्। विफलतां प्राप्याऽहं भग्नाशोऽभवम्, तदा मह्यं वात्सल्यं प्रदत्तं गुरुवरै:। स्वाध्यायेनाऽहं खिन्नोऽभवम्, तदा मह्यमुत्साहो विश्राणितो गुरुवरै:। क्षती: कृतवानहं तदा मह्यं क्षमा दत्ता गुरुवरै:। मां संस्कर्तुं कदाचिद् वाग्दण्ड: प्रदत्तो गुरुवरै:। कदाचित् शिक्षणं प्रदत्तं, कदाचित् सान्त्वनं दत्तं, कदाचिद् धैर्यं प्रदत्तं, कदाचित् कौशल्यमर्पितम्। किं कथयेयमधिकम्? अस्या: स्मरणिकाया नान्त एव। गुरुवरैर्मह्यं प्रदत्तमेतेभ्य: सर्वेभ्यो महद्दानं नाम संयमदानम्।

स्वीये भव्यप्रासादे केन कोविदेन विरूपायोपलाय स्थानं दीयेत खलु? महद्भिर्गुरुवरैरेभि: दुर्दर्शनप्रस्तरसदृशाय मह्यं संयमदानेन स्वजीवने स्थानं प्रदत्तम्। संयमप्रवृत्तिमेव न, संयमपरिणतिमपि विश्राणिता मह्यम्। कथ्यताम्, गुरुवराणामुप–कारोऽयमनुन्नेय: कथ्येतोन्नेयो वा?

२) संस्कारदानम् – पूज्यपादाब्जैर्न्यायाचार्य–न्यायविशारदमहोपाध्याय श्रीमद्यशोविजयगणिप्रवरैर्भगवद्भक्तेरपूर्वं माहात्म्यमनेन रुचिरेण श्लोकेन प्रदर्शितम्– 'सारमेतन्मयालब्धं, श्रुताब्धेरवगाहनात्। भक्तिर्भागवतीबीजं, परमानन्दसम्पदाम्।।' इति। इत: कलिकालसर्वज्ञश्रीमद्हेमचन्द्राचार्यभगवद्भिरपि वीतरागस्तवग्रन्थमध्ये त्रयोदशप्रकाशान्त: प्रभोर्वैशिष्ट्यमद्भुतं निरूपितं यथा–''अनाहूतसहायस्त्वं, त्वमकारणवत्सल:। अनभ्यर्थितसाधुस्त्वं, त्वमसम्बन्धबान्धव:।।'' परमकृपालूना–मेतद्भगवतां परमभक्ते: प्रबलसंस्कारा अस्मभ्यं प्रदत्ता गुरुवरैरेव। स्मर्तव्यमत्र, अन्तत: प्रभुभक्त्यैव प्राप्यते संयमपरिपालनशक्तिरपि। अतो मुनीनां कृते तु भगवदुपासनामा–हात्म्यमनल्पममितं चैव।

सामान्यत: साम्प्रतयुगे मुनय: प्रातस्तरां (भूयसा पञ्चसार्धपञ्चवादनवेलायां सत्यामेव) विहरन्ति। उष्णकालीनदिनेषु सत्सु विहाररीतिरियं विशेषत आचर्यमाणा दृश्यते। यतो ग्रीष्मे चिरेण क्रियमाणे विहारे तृषा पीडयति प्रभूतम्। एवं प्रातस्त्ये क्रियमाणे विहारे सति विहारारम्भे कदाचिज्जिनमन्दिरमनुद्घाटितमेव भवेत्, तदा जिनदर्शनं विनैव विहारावसर: समुपतिष्ठेत् । विहाररीतिरियं गुरुवराणां नितरामरुचिकरैव। 'अस्मज्जीवने जिनेश्वरा एव शुभङ्करा: कल्याणकरा नूनम्। येषां नि:सीमकरुणया संयमजीवनं प्राप्तमिदम्, शुभाराधनायोगाश्चाऽपि प्राप्ता:, तेषां परमात्मनां दर्शनं विना किञ्चिदपि कार्यं न प्रारब्धव्यमिति' गुरुवराणां दृढं मन्तव्यम् । अत एव विहार: शिशिरे भवेद् ग्रीष्मे वा, शैत्ये भवदौष्ण्ये वा, २ किलोमीटरमितो भवेत्

२० किलोमीटरमितो वा, प्रतिविहारे 'प्रथमं प्रभुदर्शनं, पश्चादेव विहार:' इति क्रमस्यानुपालने गुरुवरा: शश्वद् बद्धप्रतिज्ञा आसन्।

'आदौ प्रभुभक्ति:, पश्चादेव काचिदपि प्रवृत्ति:' इति परमगुरुवरै: प्रदत्तस्य प्रबलसंस्कारस्य प्रतिध्वनिमर्याऽनुभूत: परमगुरुवराणामनुदेहविलयं वैक्रमीये २०७३ तमे वर्षे १९०० किलोमीटरमितायां शेषकालीनायां विशालपदयात्रायाम्। विहारयात्राया आरम्भे मुम्बापुर्या राजनगरं प्रति विहरामो स्म वयम्, मध्ये चाऽऽगतो गम्भीराख्यो लघुग्राम:। यत्रत एकदिशि जिनप्रासादपुरीं खम्भातनगरीं प्रति गम्यते स्म, यत्रत्यानां सर्वजिनमन्दिराणां दर्शनं पूर्वे पञ्चकृत्व: कृतवन्तो वयम्। तावदपरदिशि नवनिर्मितं रचनावैशिष्ट्येन च स्तोकसमयेनैव भारतवर्षीयजिनानुयायिषु मुख्याकर्षणस्थानरूपेण प्रतिष्ठितं मणिलक्ष्मीतीर्थं प्रति गम्यते स्म । द्वाभ्यां मार्गाभ्यां राजनगरं प्राप्यते स्म। मणिलक्ष्मीतीर्थविलोकनस्याभिलाषे सत्यपि मम पूज्यपादगुरुवरास्तेजस्विवक्तृ-आचार्यप्रवरश्रीमद्विजयराजरत्नसूरीश्वरास्तदा खम्भातनागरं पथं गृहीतवन्त: । गतवर्षेऽपि (वैक्रमीये २०७२ तमे वर्षेऽपि) खम्भातनगरस्य यात्रां कृतवन्तो वयम्। किञ्च विहारोऽपि सुदीर्घ: स्यात्तस्मिन् मार्गे । तथाऽपि तत्पथा खम्भातपुरीं प्राप्य दिनत्रयं यावत् स्थितवन्तस्तत्र, तत्रत्यानां च कर्मनाशकारणेभ्य: पञ्चसप्ततिजिनप्रासादेभ्यो वन्दितवन्तोऽपि वयम्। ईदृश्या आकर्षणमभिलाषं च पराजेत्र्या: प्रभुभक्तेर्मूलस्रोत: परमगुरुवरा एव नि:शङ्कम्।

अहमेतत्कथनाय लालसोऽस्म्यद्य यद्-'अस्मद्वृन्देऽधुनाऽपि विशेषपर्वतिथिषु रत्नाकरपञ्चविंशतिकास्तव-अरिहन्तवन्दनावलिस्तव-सकलार्हत्स्तव-चैत्यपरिपाटी-देववन्दनप्रमुखानुष्ठानानि नित्यसन्ध्याभक्तिरूपसामूहिकप्रभुभक्त्य-नुष्ठानानि नित्यं प्रवर्तन्ते, परमगुरुवरप्रदत्तप्रभुभक्तिसंस्कार एव तन्मूलम्।

३) **शिक्षणदानम्** - संस्कृतसुभाषितकारो वक्ति यद् '**अन्नदानं परं दानं, विद्यादानमत:परम्। अन्नेन क्षणिका तृप्ति:, यावज्जीवं तु विद्यया।।**' अस्य भावार्थोऽयम्-अन्नदानं कामं प्रशस्यं मन्येत। परं ज्ञानदानमन्नदानादपि प्रशस्यतरमेव दानम्। न केवलमन्नदानात्, किन्तु तुलनया सर्वदानेभ्योऽपि ज्ञानदानं प्रशस्यतमम्। यद्यपि ज्ञानदानं नितरां सम्यग्भवितव्यम्। गुरुवरा ईदृग्ज्ञानदाने यावज्जीवं निरता आसन्।

यौवने तु तत्रभवद्भि:'संस्कृतप्रवेशिका-सिद्धहैमलघुवृत्ति-हैमलघुप्रक्रियाव्याकरण-धनञ्जयनाममाला-हितोपदेश-रघुवंश-हीरसौभाग्यकाव्य-द्वयाश्रयमहाकाव्य-किरातार्जुनीय-पञ्चतन्त्र-छन्दोमञ्जरी-न्यायशास्त्र-कर्मशास्त्र-क्रियारत्नसमुच्चय-प्रकरण-बृहत्सङ्ग्रहणी-लघुक्षेत्रसमासादिसार्थ-न्यासङ्ग्रहादिनैकविधग्रन्थैर्नैके संयमिन: पाठिता:। परं, जीवनसायङ्काले निवृत्तिवेलायां सत्यामपि मम मत्सहवर्तिसंयमिनां चाऽभ्यासे गुरुवरा उत्साहितवन्त:। गुरुवरै: स्वयमौत्सुक्येन व्याकरणादिग्रन्थैर्वयमध्यापिता:। अध्ययनेऽस्मिन्नहं गुरुवराणां वैशिष्ट्यमिदमनु-भूतवान् यत् तत्रभवतां सवृत्तिव्याकरणमशेषं कण्ठाग्रमासीत्। कदाचित् '**गडदबादेश्चतुर्थान्तस्यैकस्वरस्यादेश्चतुर्थ: स्ध्वोश्च प्रत्यये**' इत्यादिव्याकरणसूत्राणि योग्यमवसरमवाप्त्वा गुरुवरा अस्खलितं वदेयुस्तदाऽहं नूनं सानन्दो नतशीर्षश्च भवामि स्म। गुरुवरा: स्वाभ्यासकालीनविशिष्ट-प्रसङ्गान् ख्यात्वा स्वाध्याये प्रोत्साहनमपि प्रयच्छन्ति स्म। मम रात्रिस्वाध्यायमपि दिवसान् मासान् यावत्तत्रभवन्त: स्वयं गृहीतवन्त:। शिष्यानामाश्रितानां वा प्रबला हितैषणा मनसि प्रवर्तेत, तदेव विश्रामवेलायां सत्यामेवं शिक्षणदानं क्रियेत खलु?

४)**आश्वासनदानम्**-चरमतीर्थपतिपरमतारकपरमात्म-श्रीमहावीरप्ररूपितश्रामण्यमद्यापि निर्विकल्पेन विश्वेऽनुत्तमं विशिष्टमासिधारं साधनाजीवनं मन्यते। अत एव श्रमणा विहरेयु:, यथानियमं विभिन्ननगरेषु पर्यटेयुस्तदा न केवलं जिनधर्मानुयायिन:, किन्तु त्वितरजना अपि तान् साञ्जलिं प्रणमन्तो विलोक्यन्ते। साधनपरवशोऽयं युग:। अस्मिन् युगेऽपि जैनमुनयो विहारप्रणाल्यैव सर्वस्थानानि प्राप्नुवन्ति, सङ्गणक (Computer)-दूरदर्शन (T.V.)-चलदूरभाष (Mobile)-आतापनियन्त्रक (A.C.)-व्यजन (Fan) आदीनि साधनानि विनैव सौकर्याभावे परितापेऽपि सस्मितास्तिष्ठन्ति, सावष्टम्भं स्त्रीस्पर्शं वह्निसङ्गं च यावज्जीवं परित्यजन्ति, अत्र तत्र सर्वत्र जीवानुकम्पामाचरन्ति। नूनं, तेषामियं कष्टप्रचुरसाधना नमस्करणीया। तथाऽपि श्रमणजीवने कठिनतमो नियमो नाम केशलुञ्चनमेव। तस्मिन्नपि बालसाधुभिर्लोचप्रक्रिया सर्वाधिका कष्टसाध्या-ऽनुभूयेतेति सहजम्।

वैक्रमीयं २०५७ तमं संवत्सरम्। मम संयमजीवनस्य केशलुञ्चनस्य चादिमं वर्षम्। तदाऽहमपि बालश्रमणावस्थ आसम्। यद्यपि, केशलुञ्चनस्य पूर्वदिनेषु गुरुजनैर्गज-सुकुमाल-अवन्तिसुकुमालादिकथाभिरुपदिष्टोऽहम्। अत: केशलुञ्चनात् पूर्वं मया लुञ्चनं क्रीडातुल्यमेव प्रतीतम्।

अन्धेरी-कान्तिनगरीये तस्मिन् चतुर्मासे नियतदिने शुभमुहूर्ते ममोपकारिणां पूज्यमुनिप्रवररश्मिरत्नविजयानां समीपेऽहं लुञ्चनमारब्धवानपि। परं, स्वल्पसमये व्यतीतेऽहं मन:स्थैर्यमपव्ययितवान्। अश्रुपातोऽपि प्रारब्धो मया। मुनिवरेण परमगुरुवराणां मम स्थितिरियं ज्ञापिता। परमगुरुवरा एकभवनान्तरं स्थितं लोचस्थानं सत्वरं समागता:। तत्रभवद्भिराश्वासनं प्रदत्तं मह्यम्। तदनु विशिष्टलुञ्चन-कलाविद्भिस्तत्रभवद्भिरीषदपि क्लेशो न भवेदेवं मम निरवशेषं केशलुञ्चनं समाप्तम्। मम गुरुवरा अपि मामाश्वासयितुं केशलुञ्चनसमये मत्समीप एव स्थिता:। ध्यातव्यमत्र, अस्य वृत्तस्य स्तोकसमयपूर्वमेव परमगुरुवरै: स्वतनौ 'बायपाससर्जरी' इति शस्त्रक्रिया कारिताऽऽसीत्। अतो लुञ्चनकार्यान्निवृत्तिं गृहीतवन्तस्तत्रभवन्त: सर्वथा। तथाऽपि बालसाधुं प्रति तत्रभवतां कीदृशं वात्सल्यम्? यत: स्वतनुमर्यादामपि विसृज्य तत्रभवद्भिर्मह्यं सुखं सान्त्वनं चाऽऽर्पितम्।

अनुभूयतेऽद्यमयैवम्-**परमगुरुवरा मामाश्वासयितुं नाऽऽगता: कदा, अपि तु मदर्थं स्वयमाश्वासनरूपेण समागता: सदा।**

५) **स्नेहदानम्** - जगत: सर्वे सत्त्वा अभिलषन्ति स्नेहम् । संसारिणस्त्विच्छन्त्येव, परं त्यक्तभवा: प्राथमिकस्तरीया : संयमिनोऽपि वाञ्छन्ति तम्। तत:परं बालसाधो: का वार्ता?

पूर्वोक्तचतुर्मासीयमेव वृत्तम् । सूत्रमेकं कण्ठीकृतं मया, किन्तु तदनु स्वाध्यायस्त्यक्त:। अत: सूत्रं विस्मृतम् । अतिपुरुषकारेणापि पुन: कण्ठीकर्तुं नाऽहमशक्नुवम्। शनै: शनैर्मम खेदो वृद्धिङ्गत:। ममाक्षिभ्याश्चाश्रूण्यपि पतितानि। रुदन्तं विलोक्य परमगुरुवरा आकारितवन्तो माम्। प्रथमं तावत् किञ्चिदप्यनापृच्छ्य गुरुवरा मच्छीर्षे हस्तं प्रसार्य प्रभूतं वात्सल्यं - स्नेहमवर्षयन्। कारणं च विज्ञाय प्रेम्णा सहोक्तवन्त:- '' अये! नेयं लघुवार्ता रोदनार्हा। रोदनेन सूत्रं कण्ठगतं न भवेत्, अपि तु परिश्रमेण भवेत्। रोदनेन तु कर्मबन्ध एव भवेत्। गुर्वाशिषं श्रद्धत्से खलु त्वम्? तावद् गन्तव्यम्, उद्यमश्च कर्तव्य:। सूत्रं कण्ठीभविष्यत्येव शीघ्रम्।''

गुरुवराणां स्नेहदानेन मे मन: पुन: प्रीणीतम्। अत: सूत्रमपि कण्ठीभूतं

स्तोकसमयेन।

६) श्रेयोदानम् – अध्वनि यदा विरमेद् यानं, तदा करादिभिर्बलादपि तस्य प्रचालनमावश्यकम्। यदा विरमेद् समयदर्शिका घटिका, तदा कुचिकयाऽपि तस्य प्रचोदनमावश्यकम्। एवं विनेय आश्रितो वा यदाऽऽराधनायोगेषु शैथिल्यमाप्नोत्, तदा कोपवचनेनाऽपि शुभानुष्ठानेषु तस्य प्रेरणमावश्यकम्। यत: शिष्याय श्रेयोदानं गुरो: परमं कर्तव्यम्।

वैक्रम: २०६२ तमवर्षीयो वडोदरा(वटपद्रनगर)–माञ्जलपुरचतुर्मासीयो वृत्तान्तोऽयम् – बालमुनिदशायां श्रीआगमयोगाराधनां वर्षीतप:साधना विनाऽन्या काचिदपि तप:साधना मया नाऽऽचरिता विशेषत:। अतो नित्यं प्रातरशनं द्विरशनं वा पर्वतिथिदिनेषु चैकाशनं रुचिकरमनुभूयते स्म मया। ममेमां दशामवगम्य परमगुरुवरै: प्रेरितोऽहमेकदा –''भो:! एवमेवं प्रातरशनद्विरशनयोरेवासक्तो भविष्यसि तर्हि विविधतप:साधनां कदा करिष्यसि? कल्याणं न भवेदित्थम्, जीवितं तपोमण्डितं साधनासमलङ्कृतं च रचयिष्यसि तदैव भवेदात्मनो भद्रम्।''

गुरुवराणां निर्देशोऽयमस्पृशद् माम्। तदनन्तरं केवलं मयैव न, अपि त्वस्मद्वृन्दीयै: सर्वमहात्मभिरुत्तमा वर्धमानाचाम्लतपआदिका साधना प्रारब्धा, अद्य यावद् याऽनवरुद्धा विद्यते, भविष्यति वेत्स्यतेऽपि। तत:परं तु परमगुरुवरा: स्वयमपि विपरीतस्वास्थ्ये सति द्विरशनानि प्रारभ्य दृढमालम्बनं प्रदत्तवन्तोऽस्मभ्यम्।

मया प्रतीयतेऽद्य यदस्मद्हृदि पूज्यगुरुवराणां सन्निवेशोऽस्ति, अतो वयं तत्रभवतां प्रेरणामङ्गीकर्तुमशक्नुम। किन्तु, गुरुवराणामन्त:करणे त्वस्माकं श्रेय एवाऽस्ति, अतस्तत्रभवन्तोऽस्माकमीदृशीं कल्याणकारिणीं प्रेरणां कर्तुमशक्नुवन्।

७) कौशल्यदानम् – करतलं यदि कोकदन्तां सम्पर्कयति, तदा कोकदन्ता हस्ततलं रागमयं रचयति। अयो यदि स्पर्शमणिं स्पृशति, तदा स्पर्शमणिर्लोहं सुवर्णमयं रचयति। एवं शिष्यो यदि सद्गुरो: सान्निध्यं प्राप्नोति तदा सद्गुरुस्तद्व्यक्तित्वमुत्तमं रचयति।

सद्गुरु: स्वस्थितसर्वसद्गुणकौशल्यप्रदानेन विनेयस्य जीवनं व्यक्तित्वं वा विभूषयितुं प्रयस्यति। मदनुभवोऽपि सद्गुरुविषय एवमेव।

एकस्य साधारणसंस्कृतवाक्यरचनामपि ज्ञातुं यदाऽहमशक्त आसं तदा गुरुवरा मां संस्कृतलेखनार्थमुदैरयन्त। अवधेयम्, ईदृक् प्रेरणमद्यापि सुगमम्। किन्त्वनुप्रेरणं स्वस्य महार्घ्यं समयदानमतिकठिनम्। गुरुवराणां प्रेरणामुररीकृत्य संस्कृतलेखनं तु प्रारब्धं मया। परं, मम क्षतीनां न काचिदपि सीमा। तथाऽपि, ममाऽमितानि स्खलितानि संस्कृतानि हृदयतो गुरुवरैरेतै:। अन्ते यदा मल्लिखितयोर्द्वयो: संस्कृतपुस्तकयो: 'नमामि नित्यं गुरुधर्मसूरिम्' 'प्रसङ्गपुष्पाञ्जलि:' इत्याख्ययो: प्रकाशनकार्यं गतिमदासीत्, तावदपि तयो: क्षतिसंशोधनादिसर्वकार्येषु गुरुवरा मम सहायका अभूवन्। निरामयस्वास्थ्यस्यान्तिमदिनेऽपि तत्रभवद्भिर्मत्संस्कृतलेख: सम्मृष्ट:। अतो मयाऽवश्यं कथयितव्यमिह यद् गुरुवरा मम क्षतिभि: कदाऽपि न पर्यश्राम्यन्, अपि तु सदैव मह्यं कौशल्यं प्रदातुं प्रायस्यन्।

तेषां वैशिष्ट्यमिदं नित्यं नमस्करणीयं नूनम्।

८) धैर्यदानम् – मानवो यदि निष्फलीभवेत्, तदा स त्यजति धैर्यम्। यद्यपि, नैष्फल्यं नाम न कोऽपि जीवनकलङ्क:। अपि तु वैफल्यमाशीर्वादायैव, सिद्धेश्च परिच्छेद एव तत्। अत एव निष्फलतावाचकस्य'Fail' इत्याङ्ग्लभाषी–यशब्दस्यार्थ: केनचिदित्थं कृतो ज्ञायते यद् –**FAIL = First Attempt In Learning.** अर्थाद् नैष्फल्यं नाम नाऽन्यत् किमपि, साफल्यस्य शिक्षणस्य वा प्रथम प्रयत्न एव। याथार्थ्यमिदम्, मानवो यदा विफलीभवेत्तदा स कश्चिद् धैर्यदायकं जनमपेक्षते। अन्यथा नैराश्यं लभते स:। एवंविधेन गुरुवरा मत्कृते याथातथ्येन धैयदायका अभवन्।

प्रवचनसभायां प्रवचने प्रारब्धे सति, आदौ तु कोऽप्यगम्यो भयोऽनुभूयते स्म सहजं मया। एकदा रात्रौ गुरुपर्युपासनायां ममेयं समस्या गुरुवरैर्ज्ञाता, तदा शोभनं भयप्रतियोगिचिन्तनं मह्यं प्रदत्तमेतै:–''अस्मिन् भयो न कार्य:। यदा प्रवचनं क्रियेत तदा ज्ञातव्यं यत् सन्मुखे न केऽपि श्रोतृजना:, अपि त्युपला एव। अथ पाषाणसन्मुखे प्रवचनदाने को भय: खलु? विशालसभा सम्मुखमुपविष्टेति विचारोऽपि न कर्तव्य:। किञ्च सकृद् वयं वक्तुमारभेमहि चेद् देव–गुरूणां परमा कृपाऽस्माकं सहचरी भविष्यत्येव। तत: कीदृशी चिन्ता कीदृशश्च भय:?''

गुरुवराणां चिन्तनमिदं नितरामेतस्या हिन्दीभाषीयपङ्क्ते: समं प्रतीतं मया यथा–'लहरो सें डरकर कभी नौका पार नहि होती, कोशिश करनेवालो की कभी हार नहि होती...'

९) उत्साहदानम् – उचितेऽवसरे सति गुरुवरैरहं प्रेरितोऽपि, योग्ये चाऽवसरे सति प्रोत्साहितोऽपि। वैक्रमीये २०६१ तमे वर्षे चतुर्मासे पादलिप्तपुरमध्ये शत्रुञ्जयशैल–सान्निध्ये स्वजीवने प्रथमं मया ११ उपवासतप: (मत्कृते तु विशालं) कृतम्। तपोमध्ये गुरुवरान्तिकेऽहं प्रतिदिनं वन्दनार्थं गच्छेयंस्तदा प्रोत्साहनवाचकै: शब्दैर्ममोत्साहं वर्धयेयुर्गुरुवरा:। तत्रभवतामेकमपि लघु कार्यं शोभनं समाप्येत मया तदा शीघ्रं चित्तप्रसादं प्रकटीकुर्युरेते। सज्झाय–स्तवनादीनि सुस्वरेण गीयेत यदि त्वरितं तदनुमोदेरन्नेते। तावत् किञ्चिदपि लघुलेखनमपि शोभनं भवेत्तत् प्रशंसेयुरेते। अलम्, गुरुवरमनस्येकैवाभिलाषा रममाणा आसीन्नित्यं यद्–इत्थं प्राप्तावसरैरस्माभि: शुभवचनैरनुमुद्येत प्रशस्येत वा विनेय:, तदा प्रतिफले तच्छुभप्रवृत्तिं प्रति सादरो भवेच्छिष्य:। तच्छुभानुष्ठानानि स्वजीवनेऽधिकानि समाचरेदपि स:। अन्ततस्तु विनेयस्यात्मविशुद्धिं शिष्यस्याराधनासमृद्धिं परिणतिसमृद्धिं चाकाङ्क्षमाणास्ते सद्गुरव: खलु।

प्रस्तुतानामत्र स्मृते: शेवधिसदृशानां नवानामुपकारप्रसङ्गानां वर्णनं केवलमीषदभिव्यक्तिरूपमेव ज्ञातव्यम्। अन्यथा गुरुवरैरहमनन्तश उपकृतोऽस्मि। तत्रभवत्सु गुरुत्वमुत्सर्पिणीकालीनमासीत्, यतस्तैर्मम निरवधिक्षतयो व्यस्मर्यन्त। इतो मयि शिष्यत्वमवसर्पिणीकालीनमस्ति, यतो मया गुरुवराणाममेया उपकारा व्यस्मर्यन्त। एषामुपकारधाराऽपि 'मया त्वमनुगृहीत:' इत्यनुभूतिर्विरहिता।

गुणसंस्तवाऽवसरेऽस्मिन् बहुमूल्ये गुरुवरेभ्य उपकारनिधिभ्य: प्रार्थये यदधिक एक उपकार: क्रियतां भवद्भिर्मयि – परमां कृपां भवतां वर्षयन्तु नितरां, दोषेभ्यश्च सर्वथा मुञ्चन्तु माम्' इति। विरामे च समर्पयामि गुर्जरभाषीयपङ्क्त्या हृदयस्पृगा हृदयाम्जलिम्–

आंखोमां यादोनां तोरण, अंतरमां भावोनां तोरण;
आजीवन हैये लीला रहेशे, आपनी पुण्यस्मृतिनां तोरण...

૮

# આર્ટિસ્ટ નહિ પણ હાર્ટિસ્ટ

-પૂ. મુનિ શ્રી દિવ્યરત્નવિજયજી મ.

એક આમ્રવૃક્ષ પર કેરીની QUANTITY ભલે ગમે તેટલી હોય પણ QUALITY તો એક જ હશે. જ્યા કેસર કેરી ત્યાં અ જ, જ્યાં રાજાપુરી કેરી ત્યાં એ જ કેરી વગેરે. એટલે જ એક આમ્રવૃક્ષ પરની એક કેરી આરોગો યા બીજી, સ્વાદ લગભગ એનો એક સરખો આવશે.

નાનકડા પુષ્પના એક છોડ પર પુષ્પો ભલે ને અનેક હોય,પણ એની વિશેષતા તો એક જ હશે. જ્યાં ગુલાબ ત્યાં ગુલાબ જ ને જ્યાં જાસુદ ત્યાં જાસુદ જ.એટલે જ એક છોડ પર રહેલા કોઈ પણ પુષ્પને સૂંઘવામાં આવે, સુવાસ લગભગ એક સરખી જ મળશે.

ખ્યાતનામ લેખકનું એક પુસ્તક ભલે હજારોની સંખ્યામાં પ્રકાશિત થયું હોય... પણ એનો પ્રકાર તો એક જ હશે. એટલે જ એ પુસ્તકની ગમે તે COPY વાંચવામાં આવે, વાંચન તો એક સમાન જ મળશે.

ટૂંકમાં આમ્રવૃક્ષ એક... કેરીની QUANTITY અનેક... QUALITY એક...

પુષ્પછોડ એક... પુષ્પ અનેક... વિશેષતા એક...

લેખકનું પુસ્તક એક... COPY અનેક... પ્રકાર એક...

પણ આજે હું જે ગુરુદેવની અહીં વાત કરી રહ્યો છું તેમની SPECIALITY એ છે કે ગુરુદેવ એક... ગુણ અનેક...અને દરેક ગુણમાં વિશેષતા પણ અનેક...

એ ગુરુદેવ એટલે મારા અનંતઉપકારી ગુરુદેવ પૂજ્યપાદ વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ આ.ભ.શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.

ચક્રવર્તી જો નવનિધાનનો સ્વામી હતા, તો સાહેબ ગુણનિધાનના સ્વામી હતા. એમના એક જુઓ ને એક ભૂલો એવા અનેકાનેક ગુણોમાંથી મને ખૂબ જ સ્પર્શી ગયેલા અને ગમી ગયેલા બે ગુણ મારે વિશેષથી યાદ કરવા છેઃ

એંશી વર્ષની વયે દીક્ષા લેતા પૂર્વે મારા છેલ્લા ચાલીશ વર્ષો સાંસારિક અવસ્થામાં સામાજિક કાર્યોમાં વીત્યા અને એમાં છેલ્લા ૧૮ વર્ષ ડભોઇ જૈન સંઘમાં પ્રમુખ/સભ્ય તરીકે સેવા આપવાની તક મળી. આ સમય દરમિયાન ડભોઈના ચાર જિનાલય-ત્રણ ઉપાશ્રય-પાઠશાલા-આયંબિલશાલા-ધર્મશાલા-ભોજનશાલા-પાંજરાપોળ-યશોવાટિકા-સંઘસંચાલિત નવપદહાઇસ્કૂલ વગેરે વિવિધ ધર્મસ્થાનો તથા સંઘસ્થાનોનાં જીર્ણોદ્ધાર તથા નવનિર્માણ અંતર્ગત પૂજ્યશ્રીના ઘનિષ્ઠ સંપર્કમાં આવવાનું બન્યું. એ દરમિયાન મારા હૈયામાં વસી ગયા પૂજ્યશ્રીના બે વિશિષ્ટ ગુણો (૧) નિશ્ચલતા અને (૨) મધુરતા.

(૧) નિશ્ચલતાઃ પોતાના સાચા અને શાસનહિતમાં રહેલા નિર્ણયોમાંથી તસુભાર ન ડગવાની પૂજ્યશ્રીની વૃત્તિ ખરેખર આદરણીય હતી. વિ.સં. ૨૦૬૦માં જ્યારે મુંબઈમાં ઘાટકોપર-જગડૂશાનગરના ઉવસગ્ગહરપાર્શ્વપ્રભુનાં પૂજ્યશ્રી દ્વારા જ પ્રતિષ્ઠિત જિનાલયને હટાવવાનો આદેશ અપાયો ત્યારે સાહેબ ત્યાં ચાલુ ચાતુર્માસમાં તીર્થરક્ષાર્થે પહોંચી ગયા. મુંબઈભરમાં અને દેશભરમાં જિનાલયરક્ષા માટે વિરાટ આંદોલનો થયા.તેમાં એક દિવસ 'ચિત્રલેખા' નામના પ્રસિદ્ધ મેગેઝિનના પત્રકારે એક વાર તો ભલભલી વ્યક્તિને મનથી હલાવી નાંખે તેવો પ્રશ્ન કરતા કહ્યુંઃ ''ધારો કે આ જિનાલયને DEMOLISH કરવામાં આવે તો અંદર રહેલા પ્રભુજીઓની વિરાટ પ્રતિમાને હટાવવાની અને અન્યત્ર સ્થાપિત કરવાની વૈકલ્પિક વ્યવસ્થા તમે શું વિચારી છે?'' સાહેબે તરત નિર્ભય અને અડગ ઉત્તર આપ્યોઃ ''જિનાલય તૂટશે જ નહિ એટલે અંદર રહેલા પ્રભુજીની વૈકલ્પિક વ્યવસ્થા વિચારવાનો સવાલ જ નથી.'' સાહેબના આ 'નિશ્ચલ' ઉત્તરથી એ પત્રકાર પણ પ્રભાવિત બની ગયો. પૂજ્યશ્રીના આ STATEMENT ને તમામ અખબારો-મેગેઝિનોએ પ્રસારિત કર્યું અને લોકજુવાળ એવો જાગ્યો કે HIGH-COURT દ્વારા જિનાલય DEMOLITIONનો અપાયેલો આદેશ પડતો મુકાયો. આજે પણ સાહેબની 'નિશ્ચલતા'ના ગુણગાન ગાતું જગડૂશાનગરનું જિનાલય દેવવિમાન સમું શોભી રહ્યું છે.

અમારા ડભોઈ સંઘમાં પણ પ્રતિષ્ઠાદિ કાર્યોમાં અવાર-નવાર અડચણરૂપ બનતા કેટલાક પાંખા વિરોધપ્રેમી તત્ત્વો સામે ય પૂજ્યશ્રીએ આ જ 'નિશ્ચલતાની' નીતિ અખત્યાર કરી હતી.

(૨) મધુરતાઃ મધુરતા અનેક પ્રકારની હોઈ શકે છે. મારે સાહેબના 'સ્વભાવની મધુરતા'ની વાત કરવી છે. પૂજ્યશ્રીમાં 'સ્વભાવમધુરતા' અજબની હતી. નાનામાં નાની વ્યક્તિ સામે પણ 'SMILING FACE' અને સાવ સાદી વ્યક્તિ સાથે પણ 'HEARTY TALK' એ પૂજ્યશ્રીની વિશેષતા હતી. મને લાગે છે કે, સાહેબ સહુને ગમ્યા-તેઓશ્રીના કાળધર્મ બાદ સવા લાખથી વધુ લોકો તેઓશ્રીની 29 K.M. દીર્ઘ વિરાટ અંતિમ યાત્રામાં પગપાળા સામેલ થયા, કાળધર્મ બાદ તેઓશ્રીના બે-પાંચ-દશ નહિ બલ્કે 84-84 સ્મૃતિ મહોત્સવો/ગુણાંજલિ મહોત્સવો થયા... તેનું એક કારણ પૂજ્યશ્રીની આ 'સ્વભાવ મધુરતા' પણ હશે. સતત ચાલતી શાસનકાર્યની શૃંખલા વચ્ચે પોતાના આરામના સમયે આવનાર વ્યક્તિને પણ સાહેબે મીઠી વાત કરીને 'હાર્દિક' આરામ જ આપ્યો છે. મને લાગે છે કે સાહેબ કોઈ સામાન્ય 'આર્ટિસ્ટ' નહોતા. બલ્કે 'હાર્ટિસ્ટ' (સંવેદનશીલ હૃદયી) હતા.

અંતે પ્રાર્થના એ જ કરીશ કે સાહેબની શાસનનિષ્ઠામાંથી પ્રગટેલી 'નિશ્ચલતા' અને સંવેદનશીલતામાંથી પ્રગટેલી 'સ્વભાવમધુરતા' મને પણ મળો.

૯

# સહિષ્ણુતા, સરળતા અને સ્વસ્થતાનો ત્રિવેણી સંગમ



-પૂ. મુનિ શ્રી ભાવરત્નવિજયજી મ.

ઘડિયાળ!! એના દ્વારા વ્યક્તિ સમયસર પોતાના ગંતવ્ય સ્થાને પહોંચી શકે છે, સમયસર બસ-ટ્રેઇન વગેરે વાહનો પકડી શકે છે, પ્રતિષ્ઠાદિ મંગલ કાર્યોમાં મુહૂર્ત બરાબર સાચવી શકે છે. ઘડિયાળના આવા તો અનેક ઉપયોગો છે. એ ઊઠવામાં પણ ઉપયોગી બને છે, તો સૂવામાં પણ ઉપયોગી બને છે. સાધકો પોતાની આવશ્યક ક્રિયાઓ યોગ્ય સમયે કરી શકે એમાં પણ આ ઘડિયાળ ઉપયોગી છે.

અલબત્ત, ઘડિયાળની સૌથી મોટી વિશેષતા એ છે કે એનો (1) કલાક કાંટો (2) મિનિટ કાંટો અને (3) સેકંડ કાંટો . આ ત્રણ કાંટા આપણને ત્રણના અંકગણિત પૂર્વકની અનેક પ્રકારની અવનવી જીવનઉદ્ધારક અને જીવનસુધારક પ્રેરણાઓ આપે છે, જો એ પ્રેરણાઓ આપણને વાંચતા આવડે તો !! આપણે અહીં માત્ર એમાંથી ત્રણ પ્રેરણાને સ્મરણપથમાં લાવીએઃ

ઘડિયાળના ત્રણ કાંટાની પ્રથમ પ્રેરણા એ છે કે જીવન (1) દર્શન (2) જ્ઞાન અને (3) ચારિત્ર રૂપ રત્નત્રયીની ઉપાસનાથી સંપન્ન હોવું જોઇએ. કારણ કે જીવન જો રત્નત્રયીની ઉપાસનામય બનશે તો મોક્ષમાર્ગ તરફ પ્રગતિમય પણ બનશે.

ઘડિયાળના ત્રણ કાંટાની બીજી પ્રેરણા એ છે કે જીવન (1) સુદેવ (2)સુગુરુ અને (3) સુધર્મ સ્વરૂપ તત્ત્વત્રયી પ્રત્યેની અનહદ શ્રદ્ધાથી મંડિત હોવું જોઇએ. કારણ કે આવી શ્રદ્ધા જ જીવને પ્રભુશાસન પ્રત્યે વફાદાર બનાવી રાખશે અને આખરે તો પ્રભુનું શાસન જ મોક્ષનું આસન બની શકશે ને ?

ઘડિયાળના ત્રણ કાંટાની ત્રીજી પ્રેરણા એ છે કે જીવન (1) સહિષ્ણુતા (2) સરળતા અને (3) સ્વસ્થતાઃ આ ત્રણ ગુણોથી વિભૂષિત હોવું જોઇએ. કારણ કે આ ત્રણ ગુણો એવા છે જે આપણને વર્તમાન જીવનમાં પ્રસન્નતા અર્પણ કરી શકે છે.

પૂજયપાદ અનેકગુણવૃંદસમલંકૃત પ્રૌઢપ્રભાવશાળી ગુરુવર આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. એક એવા મહાપુરુષ હતા, જેમનામાં રત્નત્રયીની ઉપાસના અને તત્ત્વત્રયી પ્રત્યે નિર્મળ શ્રદ્ધા તો હતી જ, ઉપરાંત આવા અનેકાનેક ગુણસમૂહથી તેઓશ્રીનું જીવન શોભતું હતું. આપણે અહીં ગુરુવરનાં જીવનનો એક જ પ્રસંગ એવો નિહાળીએ જેમાં તેઓશ્રીનાં જીવનમાં સદૈવ ગુંજતો સહિષ્ણુતા, સરળતા અને સ્વસ્થતાની ગુણત્રિપદીનો સમૂહ પ્રતિઘોષ સંભળાયઃ

ઇ.સ. 2004માં ગુજરાતથી મુંબઇ તરફ ગુરુદેવ વિહાર કરી રહ્યા હતા. એ દિવસે ગુરુદેવે મુંબઇની નિકટના વિહારધામ ગિરનારધામથી દાદા નેમિનાથનાં દર્શન - વંદન કરી વિહાર આરંભ્યો. એ દિવસે 20 K.M. નો વિહાર હતો. ગુરુદેવ વ્હીલચેરમાં હતા. વિહારપ્રારંભ પછી માત્ર 6 K.M. આગળ વધ્યા બાદ અચાનક નિકટ આવી ગયેલા એક વિરાટ ટ્રેલરનો છેડો ગુરુદેવની વ્હીલચેરને ટકરાયો. એક ધક્કા સાથે ગુરુદેવ ચેર સહિત હાઈ-વેની બાજુમાં જ ભૂમિ પર ઢળી ગયા. પૂજ્યશ્રીને હાથ વગેરે સ્થળાએ થોડી થોડી ઈજા થઇ હતી. લોહી નીકળતું હતું. છતાં ય તેઓશ્રીનાં મનમાં ઉકળાટ કે હોઠોમાં હાયવોય નહોતી. તેઓ પૂર્ણતઃ સ્વસ્થ હતા.

બીજી તરફ જેની ગફલતથી આ અકસ્માત્ સર્જાયો હતો એ શીખ ટ્રક ડ્રાઇવર નખશિખ સજ્જન હતો. એણે ટ્રક ઊભી રાખી. ગુરુદેવનાં ચરણોમાં પડી માફી માંગી. પોતાની ભૂલનાં કારણે એક સંતનું જીવન જોખમમાં મુકાયું હોવાથી એ ખૂબ દુઃખી થયો હતો. તેની આંખોમાંથી નિરંતર અશ્રુઓ વહી રહ્યા હતા. ગુરુદેવની સરળતા અને સહિષ્ણુતા અહીં નિહાળવા મળી. તેઓશ્રીએ ટ્રક ડ્રાઇવરને આશ્વાસન આપતા કહ્યું : ‘જે ભાવિમાં બનવાનું હતું તે બની ગયું હવે એનું દુઃખ મનમાં રાખવાની જરૂર નથી. અમે તને અંતરથી માફી આપી જ દીધી છે. હવે અહીંથી તું જલ્દી જતો રહે. નહિંતર વધુ ઊભા રહેવામાં તને પોલીસ વગેરેનું જોખમ ઊભું થશે.’’ સામાન્ય સંસારી જનોની વૃત્તિ હોય છે કોઇ ભૂલથી પણ ધક્કો મારે તો સામે બે ધક્કા મારવાની. જયારે પૂજયશ્રીની વૃત્તિ નુકસાન પહોંચાડનાર પણ પોલીસ વગેરેની હેરાનગતિનો ભોગ ન બની જાય તેવી હતી. સામાન્ય સંસારીજનો હેરાન કરનાર માટે ‘હવે ક્યારેય એને નહી છોડું’ એવી વૃત્તિ ધરાવતા હોય છે. જયારે ગુરુદેવ ઈજા પહોંચાડનારને પણ વિલંબ વિના સરળ હૈયે માફી આપી આશ્વસ્ત કરનારા હતા.

એ પછી તુરત થયા પૂજ્યશ્રીની સ્વસ્થતાનાં દર્શન. આ ઘટના પછી ભાયંદર સુધીનો 14 k.m. વિહાર વાહનાદિનો નિષેધ કરીને ગુરુદેવે વ્હીલચેરમાં જ કર્યો. તેઓશ્રીએ કહ્યું : ‘‘આવો અવસર તો શ્રમણનાં શ્રામણ્યની કસોટીરૂપે છે એમાં નિષ્ફળ જઇએ તો આપણું શ્રામણ્ય લજવાય.’’

કેવી અદ્ભુત સરળતા, સહિષ્ણુતા અને સ્વસ્થતા નિહાળવા મળે છે ગુરુદેવના પ્રસ્તુત પ્રસંગમાં ?? આવા એક નહીં, અનેક ગુણ ત્રિવેણી સંગમના ધારક ગુરુવર મને મળ્યા છે. એથી હૈયામાંથી અનહદ આનંદ અને ઉમંગ પૂર્વક આ સૂર સરી જાય છે કે :-

ગુરુવર આવા મજાના મળ્યા છે...

ખુશીના જાણે ખજાના મળ્યા છે...



૧૦

# આતમધ્યાનથી રે સંતો સદા સ્વરૂપે રહેવું

-પૂ. મુનિ શ્રી પ્રશમરત્નવિજયજી મ.

English ભાષામાં 2 શબ્દોના અનેક વખત પ્રયોગ થતા હોય છેઃ (1) Accessory અને (2) Necessary. આપણા કાર્યને સમાપ્તિ સુધી લઈ જવા માટે જેની હાજરી અનિવાર્ય હોય એને Necessary કહેવાય અને આપણા કાર્યને સરળ તથા સુંદર બનાવવા માટે જેની હાજરી લાભદાયક હોય એને Accessory કહેવાય. ટૂંકમાં Necessary એટલે આવશ્યક સાધન અને Accessory એટલે સહયોગી સાધન. ક્રિકેટપીચ પર બેટિંગ કરી રહેલા બેટ્સમેન માટે બેટ Necessary છે, જ્યારે ગોગલ્સ Accessory છે. મોબાઈલ માટે બેટરી Necessary છે અને હેડફોન્સ Accessory છે. પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થી માટે Pen Necessary છે અને Writing Pad Accessory છે. આમ, દુનિયાના જુદા-જુદા ક્ષેત્રોમાં, જુદા-જુદા કાર્યોમાં જેમ Accessory અને Necessary નાં સાધનો હોય છે, તેમ સત્વરે પરમગતિને પ્રાપ્ત કરવાની ઝંખના ધરાવતા સંયમી આત્માની માટે વિશુદ્ધ પરિણતિનું નિર્માણ થવું Necessary છે અને પુણ્યનો વિશિષ્ટ પરિપાક થવો Accessory છે.

શાસનપ્રભાવનાનાં કાર્યો ઓછા વધતા થાય તો સંયમજીવન નિષ્ફળ નથી જતું પણ આત્મા જો વિષય-કષાયનાં બંધનોથી મુક્ત ન થયો તો સંયમ જીવન ચોક્કસ નિષ્ફળ જાય છે. માટે સંયમ જીવનનાં પ્રત્યેક અનુષ્ઠાનોમાં સંયમીના રાગ-દ્વેષને મંદ પાડવાનું એકમાત્ર પ્રયોજન રહ્યું છે. જેમ જેમ રાગ-દ્વેષ મંદ પડતા જાય, તેમ-તેમ આત્માનું સત્ય સ્વરૂપ પ્રગટ થતું જાય અને પરમગતિ સાથેનું સામીપ્ય વધતું જાય. પણ, સંસારના તમામ પદાર્થોની એક વિશેષતા એ છે કે જેમ-જેમ સમય પસાર થતો જાય તેમ-તેમ એના સૌંદર્ય અને સામર્થ્યમાં મંદતા આવતી જાય. માટે એને અમુક અમુક સમયના અંતરે Renovationની આવશ્યકતા રહે છે. Renovation નું કામ જ છે, જૂના કે મંદસામર્થ્ય થઇ ગયેલ પદાર્થને પુનઃ જીવંત કરવું. બસ, એમ સંયમ જીવનમાં પણ જેમ જેમ સમય પસાર થતો જાય તેમ-તેમ સંયમીના ઉત્સાહમાં પણ મંદતા આવી જવાની શક્યતા રહે છે. જે પરિણામે સંયમ જીવનનાં સામર્થ્યમાં પણ મંદતા લાવી દે. માટે એને પણ થોડા થોડા સમયે Renovate કરતા રહેવું જરૂરી હોય છે. અમારા પરમ વાત્સલ્યવાન પરમગુરુદેવ પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. પોતાના ૬૭ વર્ષના સંયમ પર્યાયની પ્રત્યેક પળને સામર્થ્યવાન બનાવી રાખવા માટે અનેક વખત Renovation સ્વીકારતા હતા, જેનાં કારણે જ પોતાના પ્રારંભિક વર્ષોમાં ગુરુકુલવાસથી મેળવેલા ઉત્તમ સંસ્કારોને જીવનના અંતિમ શ્વાસપર્યંત જાળવી રાખવામાં તેઓ સફળ બની શક્યા હતા.

મને યાદ છેઃ મારા સંયમજીવનનાં સર્વપ્રથમ વર્ષે જ મેં એમની આ Renovation કરવાની પ્રવૃત્તિને નિહાળી હતી.

વિ.સં. ૨૦૬૯. મુંબઈનાં શત્રુંજય સમા ચેમ્બુર તીર્થનાં પ્રતિષ્ઠાસુવર્ણવર્ષના ઉપક્રમે પૂજ્ય ગુરુદેવનું વિશાલ સંયમીવૃંદ સાથે યશસ્વી ચાતુર્માસ અને સામૂહિક વર્ષીતપ આરાધના યોજાઇ હતી. એ સામૂહિક વર્ષીતપમાં પૂજ્યશ્રીના પટ્ટધર પૂજ્યપાદ તેજસ્વીવક્તા આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. સહિત કુલ 27 શ્રમણ-શ્રમણી ભગવંતો શિરમોર સ્થાને હતા. એક દિવસ સાંજના સમયે અમે સહુ શ્રમણો બિયાસણાની ગોચરી વાપરી રહ્યા હતા. સામાન્યતઃ પૂજ્યશ્રી અમારા નાયક હોવાથી અમે એમને ક્યારેય ગોચરી વાપર્યા બાદ પાત્રા સ્વચ્છ કરવા દેતા નહોતા. અર્થાત્, એ કાર્ય અમે જ એમની ભક્તિ સ્વરૂપે કરી લેતા હતા. પણ એ દિવસે સહેજ ઉપયોગ ચૂકનાં કારણે કોઇનું ધ્યાન ના ગયું અને પૂજ્યશ્રીએ તો મૌનપણે પાત્રા સ્વયં સ્વચ્છ કરી લીધા. પાછળથી ખ્યાલ આવતા અમને સૌને અફસોસ થયો અને એકાદ શ્રમણ ભગવંતે તો ભક્તિવશાત્ પૂજ્યશ્રીને પૂછી પણ લીધું કે, “સાહેબજી! કદાચ આજે અમારું ધ્યાન નહોતું તો શું આપ અમને આ લાભ સામેથી નહોતા આપી શકતા? અમારી ભૂલનાં કારણે આપના જેવા મહાન આચાર્ય ભગવંતને આવું કાર્ય સ્વયં કરવું પડે એ અમને સારું ન લાગે.”

શિષ્યની આ મીઠી ફરિયાદનો ઉત્તર આપતા પૂજ્યશ્રીએ જે જણાવ્યું એ પેલી Renovationની પ્રવૃત્તિ વિશે હતું અને એના દ્વારા તેમની પરિણતિ કેવી ઉજ્જવળ હતી એનો એક પુખ્ત પુરાવો મળી જાય છે. તેમને કહ્યુંઃ “આમ તો નિત્યક્રમ મુજબ હું તમને આજે પણ પાત્રા આપી દેતો. પણ તમે જ્યારે કોઇએ માંગ્યા નહિ, ત્યારે મને સયાજીરાવ ગાયકવાડ યાદ આવી ગયા અને એટલે મેં મૌનપણે પાત્રા સ્વચ્છ કરવાનું ચાલુ કરી દીધું. Actually, સયાજીરાવ વડોદરાના રાજા હતા. રાજા રાજ્યનું સૌથી પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ હોવાના નાતે એની પાસે વિશેષ સભ્યતાની અપેક્ષા હોય. પણ એ જ્યારે પરદેશ જાય ત્યારે 2 એવા કામ કરતો કે જે ગ્રામ્ય વિસ્તારના વ્યક્તિ જેવા હોય (1) સ્નાનગૃહમાં ખીલી પર કપડા લટકાવવા અને (2) જમ્યા બાદ અવશ્ય રોટલા અને મરચા વાપરવા. લોકો જ્યારે આશ્ચર્યથી એને આ વિશે સવાલ કરતા, ત્યારે એ જણાવતા કે આ બે પ્રવૃત્તિઓ એ પોતાની જાતને યાદ રાખવા માટે કરે છે કે આજે પુણ્યની બોલબાલાનાં કારણે ભલે એ રાજા બની ગયા હોય, પણ એને એ વાત ક્યારેય ન ભૂલવી જોઇએ કે આખરે એ એક ખેડૂતનો દીકરો જ છે જેથી એને અભિમાન ન આવે. **હવે આ ઘટનાને સ્વયં સાથે ઘટાવતા પૂજ્યશ્રી કહે છે :- એમ મને પણ એવો વિચાર આવ્યો કે આજે ભલે હું એક આચાર્ય હોઉં, પણ મારે એ ક્યારેય વીસરવાનું નથી કે એથી વિશેષ મહત્ત્વનું છે કે હું એક સાધુ છું. કાયમ માટે ભક્તિમાં તત્પર રહેતા શિષ્યો કદાચ ક્યારેક કોઇક કારણસર ભક્તિ કરવાનું ચૂકી જાય ત્યારે પદવીના કે ગુરુત્વના ગૌરવવશાત્ તેમના ઉપર હું સંકલેશ ના કરી બેસું, એટલા માટે મારા સ્વાવલંબીપણાને યાદ રાખીને મારુ કાર્ય પ્રસન્નતાપૂર્વક સ્વયં કરી લેતા શીખી લેવું જોઇએ. બસ આ જ કારણસર આજે મેં સ્વયં પાત્રા સ્વચ્છ કરી લીધા.”**

આ ઉત્તરને અક્ષરશઃ સાંભળી રહેલ મને થયું કે કમાલ છે પૂજ્યશ્રીને! જીવનના ૮૨મા વર્ષે, દીક્ષાના ૬૫મા વર્ષે અને આચાર્યપદપર્યાયના ૨૫મા વર્ષે પણ તેઓ આવી ઉત્તમ વિચારધારા ધરાવી શકે છે? મનોમન તેમની આ Renovationની પ્રવૃત્તિ અને ઉત્તુંગ પરિણતિને વંદન કરતા આવા અલૌકિક મહાપુરુષના પ્રશિષ્ય બનવાનું ગૌરવ અનુભવી રહ્યો...

११

# A VENERABLE SAINT OF THE ERA

Pujya Muni Shree Prashamratnavijayji M.



The history of Jainism sanctifies itself with the names of some August saints like Hirsuri M., Hemchandracharya M., Haribhadrasuri M., Mahopadhyay Yashovijayji M. etc. They dedicated their entire life in the service of our religion. The Scriptures which they scripted are guiding the creatures in spiritualism even today. One of such advancestudent creation is 'Updesh rahasya' volume composed by Mahopadhyay Shri yashovijayji Maharaj. There are plenty of topics discussed in this volume which gives us a clear introduction of the beliefs of Jainism.

It says that Bhagwan Mahavir Swami has emphasized us to receive a special ability known as Samyagdarshan if we wish to liberate our soul. Samyagdarshan practically means 'Complete faith on the principles of Arihant Bhagwan'. When a person starts having absolute Faith in bhagwan's principles, he will try his best to minimize his sins and perform religious activities. This will automatically shed his entire karmas and one day, he will attain salvation. But, it's difficult for us to predict which creature can has this quality. And hence' at that time 'Updesh rahasya' says that along with the attribute of complete trust, Samyagdrashti (creature who has Samyadarshan) has 4 emininent qualities by which, we can find out which organism has samyagdarshan. They are:- (1) Performing rituals with due respect & concentration (2) Appreciating good qualities of others (3) Having the pride of being a Jain and (4) Observing rituals faultlessly and repenting for the mistakes committed in them.

If we don't discuss on Samyagdarshan I have seen all these 4 characteristics in my grand gurudev Pujyapad Darbhavatirthoddharak Aa.Bh. Shri Suryodaysurishwarji Maharaj at different occasions. From that, there are multiple incidents related to the 4th quality. He would perform all his qualities with atmost concentration and perfection. He would even not allow his disciples to show any sort of laziness in observing their customs and religious activities. And if they ever did that, he would instantly scold them so that they never dare to repeat it further. I had experienced it multiple times in my 2 years of Samyam Jeevan I had spent with him. One of them is:-

It was my first year of Dixa. My vadi dixa (actual Dixa) was coming in the month of February and I thought of making it special by following a ceaseless Maunvrat for 2 months. In surpassing enthusiasm, some days went comfortably following the vrat, but from the last 5 years, my habit of talking had increased to such an extent that it started difficult for me to remain silent for such a long span of 60 days. Still, I kept patience for 40-45 days I felt like talking with everyone and expressing my emotions, but as it wasn't possible to break my vow, I found a middle way and manifested my thoughts in the form of gestures. Though I wasn't talking openly, it wasn't actually right to share my emotions in that way .

Once, Sahebji saw me doing this and to acknowledge for my mistake, he immediately called me and said, "Prashamratna! I guess you have voluntarily accepted the vow of keeping Maunvrat for 60 days, right? Then why are you breaking it's norms? you know, in Yogshashtra it is said:-

संज्ञादिपरिहारेण, यन्मौनस्यावलम्बनं। वाग्वृत्ते: संवृत्तिर्वा या, सा वाग्गुप्तिरिहोच्यते।।

‘The person who follows Maunvrat must even not rely on gestures for expressing his Feelings’

I understood my mistake and decided not to repeat it further. But I felt thankful to him for making me aware of my fault. Today, while scripting this incident in my words. I feel proud for him that he possessed the 4th Characteristic of Samyagdarshan and took care of his disciples like us so that we don’t commit any error in observing any ritual of Jainism.

૧૨

# PERSONALITY WITH REALITY

-પૂ. મુનિ શ્રી યોગરત્નવિજયજી મ.

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવનની એક ઘટના યાદ આવે છે :

એકવાર મહાત્મા ગાંધી એક શહેરની મુલાકાતે જઈ રહ્યા હતા. ગાંધીજી પોતાના સાથી સદસ્યો સાથે ટ્રેનમાં બેઠા. થોડો સમય આરામ કરવાની ઈચ્છાથી ગાંધીજીએ સીટ પર જ લંબાવ્યું. થોડી વાર થઈને ટ્રેન એક સ્ટેશન પર થોભી. ત્યાંથી એક ગ્રામીણ યુવાન ટ્રેનમાં ચઢ્યો અને મહાત્મા ગાંધી પાસે આવીને બોલ્યોઃ ''ઓ શ્રીમાન! આ ગાડી કાંઈ તમારી માલિકીની નથી કે આમ લંબાવીને સૂઈ ગયા. ઊભા થાવ. અમારે પણ બેસવું છે. અમે પણ ટિકિટના પૈસા ચૂકવી ટ્રેનમાં ચઢ્યા છીએ.'' ગાંધીજીએ તરત એ ગ્રામીણ યુવકને જગ્યા કરી આપી. બેસતી વખતે એ યુવાન બોલ્યોઃ ''જય ગાંધીજી.''

આ સાંભળીને ગાંધીજીના સાથી સદસ્યો હસી પડ્યા એમ વિચારીને કે ''આ તો ગાંધીજીના ભક્તે જ ગાંધીજીને હેરાન કર્યા''. ટ્રેન આગળ વધતા . ગાંધીજીના ઈષ્ટ શહેરમાં આવી પહોંચી. સ્ટેશન ઉપર વિરાટ મેદની તેમને આવકારવા ખડી હતી. ગાંધીજી સાથીઓ સાથે નીચે ઊતર્યા કે તરત જ લોકોએ તેમને ઊંચકી લીધા. સ્ટેશન આખું 'જય ગાંધીજી' ના નાદથી ગુંજી રહ્યું. ઉપસ્થિત મેદનીમાં પેલો ગ્રામીણ યુવક પણ સામેલ હતો કે જે ખાસ ગાંધીજીનાં દર્શન માટે જ આ શહેરમાં આવ્યો હતો. એ પોતાનાં કૃત્ય પર પસ્તાઈ રહ્યો હતો. કેમ કે સાવ સામાન્ય દેખાવના જણાતા અને પૂર્વે પોતે ક્યારેય નહિ જોયેલા ગાંધીજીનું મુફલિસ સમજીને તેને મોટું અપમાન કર્યું હતું.

દુનિયામાં બાહ્ય દેખાવ-Personalityને Priority અપાય છે. Personality જોરદાર તો વ્યક્તિ દરેક સ્થળે સ્થાન-માન પામી જાય છે અને Personality નહિ તો સારી વ્યક્તિ પણ બાજુ પર રહી જાય છે. સદ્‌ગુણ અને સંસ્કારથી પ્રગટતી Realityને દુનિયા નજર અંદાજ કરે છે અને Style તેમજ Status થી બનતી વ્યક્તિની ચમકદમક એટલે કે Personality ને Priority આપે છે.

અલબત્ત દુન્યવી સ્તરે ભલે Personality ને First ગણવામાં આવતી હોય પરંતુ આધ્યાત્મિક સ્તરે તો Realityને જ First ગણવામાં આવે છે. વ્યક્તિનો સ્વભાવ-સૌમ્યતા-સરળતા-સદ્‌ગુણ-સંસ્કાર-સાધનાપ્રિયતા વગેરેને મહત્ત્વ આપવામાં આવે છે. હું જે ગુરુદેવની વાત કરવા માંગુ છું તે પૂજ્યપાદ પુણ્યપ્રભાવસંપન્ન આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.માં આધ્યાત્મિક જગતમાં વખણાતી આવી Reality પણ હતી, તો ભૌતિક જગતમાં પ્રશંસાતી Personality પણ હતી.

વિ.સં. ૨૦૬૯ નાં ચાતુર્માસ માટે પૂ. ગુરુદેવનો પ્રવેશ ચેમ્બુરમાં થયો. એ સમયે ગુરુદેવને સૌ પ્રથમવાર નિહાળતા જ તેમની પ્રભાવશાળી મુખાકૃતિ અને નિર્દોષ સ્મિતથી હું તેમના તરફ આકર્ષાઈ ગયો. પ્રતિદિન પ્રવચનશ્રવણ માટે આવતો થયો અને પરિણામે જીવનમાં પરિવર્તન લાવતો રહ્યો. પૂજયશ્રીના સંગે મેં પ્રતિક્રમણ-સામાયિક-સ્વાધ્યાય-પૂજાદિ અનુષ્ઠાનો નિયમિત શરૂ કર્યા અને અંતઃકરણમાં સંયમ પ્રત્યે પ્રીતિ ગાઢ બનતી ગઈ. હું જેમ જેમ નિકટથી ગુરુદેવને નિહાળતો ગયો તેમ તેમ મારામાં તેમની Personalityનાં આકર્ષણ કરતા પણ Realityનું આકર્ષણ વધતું ગયું.

શારીરિક અક્ષમતાવશ ગુરુદેવ દ્વારા વિહારાદિમાં ઉપયોગમાં લેવાતી વ્હીલચેર એક વાર મારા નિહાળવામાં આવી. મને એક ઝાટકો લાગ્યો. મારા મનમાં એવી સામાન્ય છાપ હતી કે મોટા મહારાજનું બધું જ મોટું મોટું (?) હોય. ગુરુદેવ પણ એક મહાન કક્ષાના આચાર્ય હતા અને છતાં ય તેઓશ્રીની વ્હીલચેર હતી સાવ સાદી. ઉપરથી ખુલ્લી એ વ્હીલચેરમાં પડદા-બેસવાના સ્થાને ગાદી વગેરે Facilities તો નહિ જ પણ બ્રેક-ઘંટી જેવી સામાન્ય સુવિધા પણ નહિ. મેં ગુરુદેવને આ બાબતે પૂછ્યું : ''સાહેબજી! વ્હીલચેરમાં થોડી સુવિધા ઉમેરાવીએ તો ?''

સાહેબજીએ તરત સહજ ઉત્તર આપ્યોઃ ''જુઓ, મારે જરૂરિયાતનાં સ્તરે વ્હીલચેરનો ઉપયોગ કરવાનો છે, શોખનાં સ્તરે નહિ. બાકી જરૂરિયાત સમજીને એમાં નવું નવું ઉમેરતા જઈશું, તો એ જરૂરિયાત(?)નો અંત આવશે જ નહિ.''

ગુરુદેવની આ સાદાઈ કહો તો સાદાઈ અને Reality કહો તો Reality મને સ્પર્શી ગઈ. મેં નક્કી કર્યું કે મારે સાધના કરવી હશે-Real બનવું હશે તો આવા Real ગુરુની જ નિશ્રા જોઈશે. ચાતુર્માસ બાદ ઉપધાન-વિહારાદિનો અનુભવ લઈને મેં પૂજ્યશ્રીના હસ્તે જ સંયમ ગ્રહણ કર્યું. આજે દીક્ષાના ચાર વર્ષ બાદ મારો અનુભવ જણાવવાનું કહેવાય તો એમ કહી શકું કે મારો વિશ્વાસ સાચો ઠર્યો છે. પૂજ્યશ્રીની Reality નો અનુભવ મને સમયે સમયે થતો રહ્યો છે.

પૂજ્યશ્રીએ મારા પર કરેલા આ મહાન ઉપકાર વિશે ટૂંકમાં કહેવું હોય તો એમ કહી શકાય કે તેમની Personality એ મને આકર્ષ્યો અને તેમની Reality એ મને તેમનો જ બનાવ્યો.

અંતે પૂજયશ્રીને મારી એક Personal Request છે કે આપની Realityને નિહાળીને Real બનવા માટે હું આપની પાસે આવ્યો હતો. આપ અત્યારે જ્યાં વિરાજી રહ્યા હો ત્યાંથી આ Project પૂર્ણ કરવાનું ભૂલતા નહિ.''

૧૩

# GUIDE LINER

-પૂ. મુનિ શ્રી કૃપારત્નવિજયજી મ.



Bullet !! ભલે ને Powerful હોય, સેંકડો ફૂટ દૂર રહેલા લક્ષ્યને બાકાયદા વીંધી નાખવાની ક્ષમતા ધરાવતી હોય, શત્રુને ક્ષણભરમાં ધૂળ ભેગો કરવાની તાકાત ધરાવતી હોય. પણ, લક્ષ્યને વીંધી નાંખવાનું Green Signal એને જ્યાંથી મળવાનું હોય એ Gun જ જો યોગ્યતાવિહોણી હોય, ખામી ભરી હોય તો એ Bullet ચોક્કસ નાકામ જ નીવડે...

Car !! ભલે ને Audi-BMW-Chevrolet જેવી નામાંકિત કંપનીની હોય, એની Base Price લાખોના કે કરોડોના આંકને આંબતી હોય, લક્ષ્યને અલ્પ સમયમાં જ હાંસલ કરવાની ક્ષમતા એની ઉચ્ચ કોટિની હોય. છતાં ય એનું સંચાલન જેના દ્વારા થવાનું હોય એ Driver જ જો આવડતવિહોણો હોય તો એ Car એના માલિકને ઈષ્ટ સ્થાને પહોંચાડવાને બદલે યમધામ પણ પહોંચાડી દે...

Warrior (યોદ્ધો) !! ભલે ને એની કાબેલિયત દુનિયાભરમાં વખણાતી હોય, એ એકે હજારો ગણાતો હોય, શૌર્ય-સાહસ અને તાકાતમાં એનું સ્થાન બેજોડ હોય. પણ, એ જે રથમાં બેસીને યુદ્ધ કરે એનો સારથિ જો યુદ્ધની પદ્ધતિથી અજાણ હોય-અજ્ઞ હોય-અબુધ હોય તો એ યોદ્ધો - Warrior વિજયની વરમાળ વરવાને બદલે રણમાં રગદોળાઈ પણ જાય...

હા, વાસ્તવિકતા આ છે એટલે જ તો Bullet નો વિશાલ જથ્થો અકબંધ હોવા છતાં ય ખામીભરી Gun નાં કારણે સૈનિકોને પીછેહઠ કરવી પડી છે... એટલે જ તો Car Luxurious હોવા છતાં ય અનેક શ્રીમંતોને અકસ્માતનો ભોગ બનવું પડ્યું છે... અને એટલે જ તો અર્જુન કરતાં ય ચઢિયાતા અને પરમવીર યોદ્ધા તરીકે પંકાતા કર્ણે પણ મહાભારતનાં યુદ્ધમાં રણમાં રગદોળાવું પડ્યું છે. કારણ કે એના રથના સારથિ મદ્રદેશના રાજા શલ્ય હતા, જ્યારે અર્જુનના રથના સારથિ ત્રિખંડાધિપતિ વાસુદેવ કૃષ્ણ હતા. શું બતાવે છે આ હકીકત? એ જ કે Bullet Powerful જોઈએ તો Gun પણ સારી જ જોઈએ... Car Luxurious જોઈએ તો Driver પણ આવડતસભર જોઈએ... અને Warrior જો કાબેલ હોય તો એનો સારથિ પણ ગમે તેવી પરિસ્થિતિને સંભાળી શકે તેવો પ્રાજ્ઞ જોઈએ...

અહીં સારથિની વાતને વિશેષ પ્રાધાન્ય આપીએ તો એમ કહી શકાય કે શિષ્ય જો શ્રેષ્ઠ જોઈએ તો ગુરુ એના Best જોઈએ. કારણ કે ગુરુ એ શિષ્યના જીવનરથના સારથિ છે. એક તબક્કે કદાચ શિષ્ય શ્રેષ્ઠ નહિ હોય-ગુણવત્તાસભર નહિ હોય તો પણ ચાલી જાય. પરંતુ ગુરુ તો Best અને Best જ જોઈશે. કારણ કે નિર્ગુણી શિષ્યને પણ ઘડતર દ્વારા ગુણવાન બનાવવાનું મહાન કાર્ય ગુરુ કરી શકે છે. મારા અનુભવને જો શબ્દ સ્વરૂપ આપું તો એમ ચોક્કસ કહી શકું કે પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી શ્રમણજીવનશિલ્પી ગુરુદેવ આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. આવા જ એક Best ગુરુ હતા-શ્રેષ્ઠ સારથિ હતા. જેમણે અમને શ્રમણજીવન જીવવાની Guide Line તો આપી જ, સાથે એ Guide Line થી જરા પણ Out Line થયા તો સુધરવાની Dead Line પણ આપી.

ગુરુદેવે શિષ્યવૃંદનું અનેક રીતે ઘડતર કર્યાના અનેક પ્રસંગો છે. સહવર્તી વડીલ મુનિવરો દ્વારા મને જાણવા મળેલો એક પ્રસંગ અહીં નિહાળીએ:

દિવસ દરમિયાન ગોચરી વહોરીને જ્યારે પણ શ્રમણો મુકામમાં આવે-સૌ પ્રથમ ગુરુદેવને ગોચરી બતાવે એટલે ગુરુદેવ ગોચરીના દરેક પાત્રામાં ઉપરથી લઈને નીચે સુધી દરેક વસ્તુની ઝીણવટથી તપાસ કરે. ફરસાણ તથા મિષ્ટાન્ન વગેરેનું પાત્રું હોય તો ઉપરથી લઈને નીચે સુધી તમામ મિષ્ટાન્ન-ફરસાણ વગેરે ગુરુદેવ નિહાળે. શંકાસ્પદ લાગે, બજારું પદાર્થ લાગે, ન ખપતી ચીજ લાગે કે તરત ગુરુદેવની C.B.I. પૂછપરછ ચાલુ થાય. એક સરખો પદાર્થ વિશેષ પ્રમાણમાં દેખાય તો પણ ગુરુદેવની પૂછપરછ અચૂક થાય જ. સંતોષકારક ઉત્તર મળે-વ્યવસ્થિત વાત જણાવાય તો જ એમને શાંતિ થાય અને ભૂલ જેવું જણાય તો તેઓશ્રી તરફથી તરત ટકોર અને ક્યારેક કડક સૂચના પણ આવે.ગોચરી જનારા મુનિવરોની ઉલટ તપાસ ગુરુદેવ આ રીતે એકાદ બે વર્ષ નહિ બલ્કે આઠ-આઠ અને દશ-દશ વર્ષ સુધી કરતા રહ્યા હતા. આ બધી જ તપાસ બાદ ગુરુદેવ ક્યારેક એમાંથી એકાદ પદાર્થ-એકાદ ટુકડો વાપરવા લે પણ ખરા અને ન પણ લે. નાના મુનિવરોને આ બધું જોઈ લાગે કે ગુરુદેવ આમાંથી કાંઈ લેતાં તો નથી, તો શા માટે આ રીતે બધું જોતા ને પૂછતા હશે? પણ એ નાનકડા મુનિવરોને શે ખ્યાલ આવે કે ગુરુદેવ આ રીતે શિષ્યોનું ઘડતર કરતા હશે. ક્યાંક લાલચમાં અને રાગ-દ્વેષમાં પડી જતા શિષ્યોને બચાવતા હશે... શિષ્યોના સારથિ બનીને તેમનું સાચા અર્થમાં યોગ-ક્ષેમ કરી રહ્યા હશે...

ક્યારેક ગોચરીમાં સારા - નરસા પદાર્થો આવે ત્યારે નાના બાલમુનિઓ ભૂલથી પણ એમ બોલે કે આજે ‘આ પદાર્થ ખૂબ સારો હતો કે આ પદાર્થ ખૂબ ખરાબ હતો’. ત્યારે પણ ગુરુદેવ તુરત આ રીતે તેમને બોલતા અટકાવે અને સમજાવે કે આ રીતે કોઈ પણ ભોજ્યપદાર્થની પ્રશંસા-નિંદા ન થાય નહીંતર ચીકણાં કર્મ બંધાય. કદાચ બોલવું પડે તો ‘આ પદાર્થ અનુકૂળ હતો અથવા આ પદાર્થ પ્રતિકૂળ હતો.’ એમ કહેવું.

ગોચરીના આ બે પ્રસંગ તો અહીં પ્રતીક માત્ર છે. બાકી ગુરુદેવે દરેક Angle થી શિષ્યોનું ઘડતર કર્યું છે. મારા માટે ખુશી એ વાતની છે કે ઘડતર દ્વારા શિષ્યોનાં જીવનને તળેટીમાંથી ટોચે લઈ જનારા એ Guide Liner જીવનસારથિ ગુરુદેવના શુભ હસ્તે અંતિમ દીક્ષા પામવાનું અને ગુરુદેવની અંતિમ માંદગીમાં તેઓની સેવાનો મહાન લાભ પામવાનું સૌભાગ્ય મને મળ્યું હતું. એ અમારા જીવનશિલ્પી માર્ગદર્શક ગુરુદેવને સ્મૃતિમાં રાખીને અંતે એક ઈંગ્લિશ વાક્ય દ્વારા સમાપન કરવું છે કે-Guru is the one, who knows the way, Goes through the way and shows us the way. ભાવાર્થ કે ગુરુ એ છે જે સાચો માર્ગ જાણે છે, એ માર્ગ પર આગળ વધે છે અને શિષ્યોને - આશ્રિતોને એ માર્ગ બતાવે છે, એ માર્ગે આગળ વધારે છે...

૧૪



# BY GIVING THE PENS HE CHANGED THE PATH OF MY LIFE

-પૂ. મુનિ શ્રી અર્હંરત્નવિજયજી મ.

ક્યારેક મળી જતું એક નાનકડું નિમિત્ત પણ જીવનને કંઇ હદે ઉત્થાનના માર્ગે લઇ જાય એની કલ્પના કરવી ય મુશ્કેલ છે. નટડીમાં મોહાઇને સુખી સંપન્ન ઘર-પરિવારનો ત્યાગ કરનારા ઇલાચીકુમાર માત્ર સાધુભગવંતની ભિક્ષાગ્રહણવિધિ જેવા નાનકડા નિમિત્તને પામીને કેવળજ્ઞાનના માલિક બની ગયા. જન્મે અજૈન હોવા છતાં માત્ર સાધ્વીજી ભગવંતના સ્વાધ્યાયમાં આવતા એક શ્લોકના અર્થને જાણવાની જિજ્ઞાસાનાં કારણે જૈન શાસનને ૧૪૪૪ ગ્રંથરત્નોની ભેટ ધરનારા પૂજ્યપાદ સૂરિપુરંદર હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ થઈ ગયા. કદી વીરના વચન નહિ સાંભળું આવી પિતા પાસે પ્રતિજ્ઞા લઇને કાયમ માટે પ્રભુનાં વચનોનો અપલાપ કરનારો રોહિણીયો ચોર માત્ર અનિચ્છાએ સાંભળેલા આંશિક દેવવર્ણનનાં કારણે સર્વવિરતિ ધારણ કરનાર ધન્યાતિધન્ય આત્મા બની ગયો. આવા તો કદાચ ઢગલાબંધ દૃષ્ટાન્તો ઈતિહાસનાં પાને નોંધાયા હશે.

પણ આ ત્રણે ત્રણ ઘટનાઓમાં એક સામ્ય એ હતું કે તેઓ કોઇક ને કોઇક દોષથી પ્રચુરમાત્રામાં લેપાયેલા હોવાનાં કારણે પતનના માર્ગે આગેકૂચ કરી રહ્યા હતા અને અચાનક એક નાનકડા નિમિત્તે તેમને ઉત્થાનના માર્ગે દોરી લીધા. જાણે કે કોઇક રાગના, કોઇક મિથ્યાભિમાનના તો કોઇક ચોરી વગેરેના ખાડામાં પડ્યા હતા અને અચાનક કોઇક ગુરુદેવે હાથ ઝાલીને તેમને ઉગારી લીધા. પણ મારા જીવનની વાત તો કાંઇક જુદી હતી. હા, એક વાત ચોક્કસ કે મારા જીવનનો ઉત્કર્ષ કરનાર એક નાનકડું નિમિત્ત જ હતું. પણ હું ખાડામાં પડ્યો હતો અને ગુરુદેવે મને ઉગાર્યો એમ નહિ, પણ તેમને મારી ઉપર અનહદ કૃપા વરસાવીને મને ખાડામાં પડવા જ ન દીધો. સંસારના રંગોથી રંગાઉં એ પહેલા એક નાનકડી પ્રવૃત્તિ દ્વારા એમને મને સંયમના રંગે રંગી દીધો.

એ ગુરુદેવ એટલે પૂજયપાદ પ્રૌઢ પુણ્યપ્રભાવશાળી આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ. આજે જ્યારે શ્રમણનો વેષ ધારણ કર્યા પછી મારી ઉંમરના યુવાન-યુવતીઓનાં જીવનની કડવી હકીકતો વિશે જાણું ત્યારે ગુરુદેવના એ ઉપકારની શ્રેષ્ઠતાનું અનુમાન થાય. યાદ આવે છે આજથી ૧૪ વર્ષ પહેલા ભાયંદર-બાવનજિનાલયતીર્થમાં જ બનેલી એ નાનકડી ઘટના : જેટલી વખત ગુરુદેવના કોઇ પણ સ્મૃત્યંશ સાથે મનથી કે દૃષ્ટિથી સંપર્ક થાય, તેટલી વખત આ ઘટનાને યાદ કરું અને ગુરુદેવને મનોમન 'Thank you' કહ્યા કરું. વિ.સં.૨૦૬૦ની એ ભાદરવા વદ ૧૪ની રાત્રિ. આમ તો 'થયા પજુસણનાં પારણા અને બંધ થયા ઉપાશ્રયનાં બારણા' આ ઉક્તિ અનુસાર લગભગ પ્રતિવર્ષ આ રાત્રિએ ઘરમાં બેસીને T.V. જ જોવાનું હોય. પણ કોણ જાણે કેમ? મને એ દિવસે અચાનક પ્રતિક્રમણ કરવાની ઇચ્છા થઇ ગઇ. પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ એ સમયે અમારા બાવનજિનાલયસંઘમાં જ હતું. સામાયિક લીધા બાદ થોય આવી અને મેં સ્નાતસ્યાનો આદેશ માંગ્યો. ગુરુદેવે આપ્યો અને એક પણ ભૂલ વગર હું સ્નાતસ્યા બોલ્યો. થોડા સમય પછી અતિચાર આવ્યા અને મેં અતિચારનો પણ આદેશ માંગ્યો. Actually સ્નાતસ્યા સરસ બોલાઇ એટલે મનમાં એક Over confidence જાગી ગયો હતો કે આપણને તો બધું આવડે. ગુરુદેવે પણ નાનકડો બાળક સમજીને તરત જ આદેશ આપી દીધો. પણ જેવા અતિચાર શરુ થયા એટલે બધો જ Over confidence પરસેવો થઇને બહાર નીકળી ગયો. એક પછી એક ભૂલો ઉપર ભૂલો પડવા લાગી અને માંડ-માંડ અતિચાર પૂરા કર્યા. મને એમ હતું કે એ પૂરા થયા પછી જરૂરથી પૂજ્યશ્રી મને સૂચના કરશે અથવા ઠપકો આપશે. પણ ના, ગુરુદેવે મને કશું જ ન ક્હ્યું.

છતાં ય મને ડર હતો કે હમણાં ભલે ક્ાંઈ ના બોલ્યા પણ પ્રતિક્રમણ બાદ તો જરૂરથી કાંઇક કહેશે. એટલે જેવું સામાયિક પાર્યું કે તરત કપડાં પહેરીને ભાગવા લાગ્યો પણ મને એક ભાઇએ અટકાવ્યો અને કહ્યું કે ગુરુદેવ બોલાવી રહ્યા છે. અવિનય કરવો યોગ્ય ન લાગ્યો એટલે ગભરાતા-ગભરાતા ગુરુદેવ પાસે પહોંચ્યો. મનમાં તો એમ કે હમણાં સાહેબજી કંઇક બોલશે પણ હું તો આશ્ચર્યચકિત થઇ ગયો. મને ઠપકો આપવાને બદલે ગુરુદેવે એક સુંદર સ્મિત સાથે મને એમના pouch માંથી 3 પેનો કાઢીને આપી અને કહ્યું કે તું અતિચાર બોલ્યો એની Gift. હું તો બે ક્ષણ અવાક્ થઈને ગુરુદેવને જોતો રહ્યો. પણ પછી મેં એમને પૂછી જ લીધું કે ''ગુરુદેવ ! મારી ભૂલો પડી તો ઠપકાને બદલે પેનો કેમ આપી?'' ગુરુદેવે વાત્સલ્યથી જવાબ આપ્યો કે ''તને તો ભૂલ ડરનાં કારણે પડી છે. એ તો અમુક સમય ગયા પછી ઓછી થઇ જશે. પણ ડર હોવા છતાં તું જાહેરમાં બોલ્યો એની આ Gift છે.''

ખરેખર આ પ્રસંગે મારી માનસિકતા ઉપર એવી અસર કરી કે એ પછી હું રોજ જ ગુરુદેવ પાસે આવતો રહ્યો અને ધીરે ધીરે ઉપધાન વગેરે દ્વારા સંસ્કારિત થઇને આજે એમની જ શ્રમણપરંપરાનો એક અંશ બનવાનું સૌભાગ્ય પામ્યો છું. pen ની Gift આપવા દ્વારા પોતાની તરફ આકર્ષિત કરનાર ગુરુદેવને મારે એટલું જ કહેવું છે કે હવે મને આપ પરમગતિની Gift આપવા જલ્દીથી પધારજો.

१५

# ઉપકારસ્મૃતિ

-પૂ. મુનિ શ્રી સંવેગરત્નવિજયજી મ.



રોગથી પીડાતો દર્દી ડૉક્ટર પાસે આવે - એની પાસેથી ઉચિત સારવાર મેળવે અને એને RELIEF થઇ જાય. સર્વત્ર નિરાશ થયેલી વ્યક્તિ પ્રસિદ્ધ હાસ્યકલાકારના કાર્યક્રમમાં પહોંચી જાય-એની રમૂજ વાતોને સાંભળે ને એને ક્ષણભર HAPPINESS નો અનુભવ થઇ જાય. કાયદાકીય ગૂંચમાં પડેલ વ્યક્તિ વકીલ પાસે જાય-એની સલાહ લે અને એને SOLUTION મળી જાય.

પણ સબૂર...! રોગની સારવાર ડૉક્ટર દ્વારા થાય ત્યારે જ RELIEF થાય, હાસ્ય કલાકારનાં કાર્યક્રમમાં હાસ્યની મોજ માણો ત્યારે જ HAPPINESS અનુભવાય અને વકીલ પાસેથી સલાહ મેળવાય ત્યારે જ કાયદાકીય SOLUTION હાથવગું થાય, એ વિના નહિ. આ દુન્યવી જગતની-ભૌતિક જગતની વાત છે...

અલબત્ત, આધ્યાત્મિક જગતની વાત આનાથી જરા જુદી છે. ત્યાં તો ગુરુના સ્મરણ માત્રથી RELIEF અનુભવાય છે, ગુરુનાં દર્શનમાત્રથી જ HAPPINESS અનુભવાતી હોય છે અને ગુરુનાં શરણ લેવા માત્રથી SOLUTION હસ્તગત થઇ જતું હોય છે. આવી જ વિશેષતાઓના ધારક ગુરુવર એટલે મારા પરમગુરુદેવ પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી આ.ભ. શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.!!

આ ગુરુવરનાં દર્શને મારામાં સંયમના ભાવોનું બીજારોપણ થયું. પ્રભુનો પંથ પ્યારો પ્યારો લાગવા માંડ્યો. ત્યારથી લઇને દીક્ષાપર્યંત પારિવારિક~સામાજિક કારણોથી મારે ઘણી ચિંતાઓ, ઘણી તકલીફો અને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. એ પ્રત્યેક અવસરે મને ગુરુદેવ પાસેથી RELIEF મળી, HAPPINESS મળી અને SOLUTION પણ મળ્યા.

એક વાર ગુરુદેવને મેં કહ્યું:- ‘‘ગુરુદેવ! બે વર્ષના પરિચય અને અનુભવ પરથી હું એમ જરૂર કહી શકું કે મારામાં સંયમના ભાવો હવે ખૂબ દૃઢ છે. પણ મને પારિવારિક સમસ્યાઓનાં કારણે ‘ડર’ ખૂબ લાગે છે. હું સંયમ વિશે કાંઇક નક્કર વિચારું ને મારામા. ડર આવી જાય છે’’

ગુરુદેવે મારો ‘ડર આવી જાય છે’ શબ્દ પકડ્યો અને કહ્યું:- ‘‘તું તો નીડર છે. તારામાં વળી ડર ક્યાંથી આવે.?’’

મેં કહ્યું: ‘‘ગુરુદેવ! સાચે જ ડર આવી જાય છે.’’

ત્યાર બાદ ગુરુદેવે મને એક સરસ વાત સમજાવી.

ગુરુદેવે કહ્યું : જાપાનના એક ઝેન સંત બંકીની વાત આવે છે. એની પાસે એક વિદ્યાર્થી આવ્યો. એને પોતાની મૂંઝવણ રજૂ કરી:‘‘ગુરુજી! મને ખૂબ ગુસ્સો ચઢે છે, કાબૂમાં જરા ય ન આવે એટલો ગુસ્સો.’’

ઝેન ગુરુ : ‘‘લાવ બતાવ કેવો છે એ ગુસ્સો?’’

વિદ્યાર્થી: ‘‘અત્યારે નથી. એ તો ક્યારેક અચાનક આવી ચઢે છે.’’

ઝેન ગુરુ કહે : ‘‘એનો મતલબ કે ગુસ્સો કરવો એ તારો મૂળ સ્વભાવ નથી, ગુસ્સાવાળા સ્વભાવ સાથે તું જન્મ્યો નથી, ક્રોધ તને વારસામાં પણ મળ્યો નથી. ખરેખર તો એ બહારથી આવે છે. માટે હવે ધ્યાન રાખજે. એ તારામાં પ્રવેશ કરે ત્યારે લાકડીથી ફટકારીને એને અધમૂઓ કરી નાંખજે એટલે એ ભાગી જશે.’’

ગુરુદેવે ત્યાર બાદ મને ઉદ્દેશીને કહ્યું: ‘‘તને પણ ડર બહારથી આવે છે ને ? ડરને જો પ્રવેશ આપશો તો નિષ્ફળતા નિશ્ચિત થઇ જશે. માટે ડરને નહિ, હિંમતને જીવનમાં કાયમી સ્થાન આપીને આગળ વધો. સફળતા મળીને જ રહેશે.’’ઝેનગુરુ બંકીની વાત પેલો વિદ્યાર્થી સમજી ગયો અને ગુરુદેવનો આશય હું પણ સમજી ગયો.

ગુરુભગવંતની આ પ્રેરણા મેં જીવનમાં ઉતારી. ડરને તિલાંજલિ આપી અને એના પછીનાં બે વર્ષમાં મારી દીક્ષા થઇ ગઇ.

આજે એ ગુરુદેવ ભલે દેહસ્વરૂપે હયાત ન હોય. પણ આ મહામૂલા ઉપકારની સ્મૃતિરૂપે તેઓ મારાં અંતઃકરણમાં હંમેશા જીવંત છે અને રહેશે. મારો એક સંકલ્પ છે: જીવનમાં સમસ્યા જ્યારે જ્યારે પણ આવશે ત્યારે ગુરુદેવની તસવીર પાસે પહોંચી જઇશ. RELIEF, HAPPINESS અને SOLUTION તો હંમેશા ગુરુદેવ પાસેથી જ મેળવીશ.

૧૯

# ઉપયોગશુદ્ધિના આગ્રહી



**-પૂ. મુનિ શ્રી માર્દવરત્ન વિજયજી મ.**

ક્રિકેટ મેચમાં કયો બેટ્સમેન વધારે બોલ રમે છે એ નહિ, પણ કયો બેટ્સમેન વધારે રન બનાવે છે એના આધારે એની બેટિંગ વખાણવા લાયક બને છે. ૧૦ કલાક પુસ્તક લઈને માત્ર બેસી જ રહે એ નહિ, પણ ૨-૩ કલાકમાં તલ્લીનતાપૂર્વક અભ્યાસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીનું ભણતર જ વખાણવા લાયક બને છે. સંપૂર્ણ દિવસ એક જ વર્તુળમાં ચક્કર મારનાર ઘાંચીના બળદનો નહિ, પણ અડધો કલાક ચાલીને પોતાની મંઝિલે પહોંચનાર બળદનો પુરુષાર્થ જ વખાણવાલાયક બને છે. કારણ કોઈ પણ મહેનત કે સાધનાની સાર્થકતા 'દીર્ઘકાલીન' હોવાથી નહિ પણ, 'ફળદાયક' હોવાથી સાબિત થાય છે. પછી ભલે એ સાંસારિક ક્ષેત્રે હોય કે આધ્યાત્મિક ક્ષેત્રે.

૨૦-૨૦, ૨૫-૨૫ વર્ષોથી સામાયિક કર્યા બાદ પણ જો સમતાગુણની પ્રાપ્તિ ન થતી હોય તો સ્પષ્ટ છે કે વ્યક્તિની સાધનામાં કચાશ છે. પ્રતિક્રમણ સેંકડો વાર કર્યા બાદ પણ જો પાપ પ્રત્યે ડંખ ના પ્રગટે તો ચોક્કસ એ વ્યક્તિની સાધનામાં કચાશ છે. અરે ! આજ-કાલ સાધનાની Quantity તો ખૂબ વધી ગઈ છે પણ Quality સાવ ઘટી ગઈ છે. કચાશનું સૌથી મુખ્ય કારણ વર્તમાન પરિસ્થિતિને અનુસારે છે- 'ઉપયોગશૂન્યતા'. ઉપયોગ એટલે Concentration અર્થાત્ ધ્યાન-તલ્લીનતા-એકાગ્રતા. આજે હાલત એ થઈ ગઈ છે કે હાથમાં નવકારવાળી હોય અને મન બહાર રખડતું હોય. પ્રભુને જોવા દેરાસર જઈએ અને પ્રતિમા તરફ નજર જ ન હોય. આ આપણા આજ-કાલના કેટલાક અનુષ્ઠાનોની દયનીય પરિસ્થિતિ છે. જેના કારણે એ સફળ કે સાર્થક બનવાને બદલે નિષ્ફળ (તે-તે ગુણની પ્રાપ્તિ કરાવવાના આશયથી) જ બનીને રહી જાય છે.

આવી કોઈ કરુણ પરિસ્થિતિનો સામનો પોતાનાં શિષ્યવૃંદને ન કરવો પડે એ માટે અમારા પરમકૃપાળુ પરમગુરુદેવ પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક આ. ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા.ખાસ ખેવના કરતા. જો કે, તેમની નિશ્રામાં રહેવાનો લાભ મને તો નથી મળ્યો, પણ મારા એક સહવર્તી મુનિભગવંતે મને તેમની સાથેનો એક સ્વાનુભવ જણાવ્યો હતો જેનાથી સ્પષ્ટ ખ્યાલ આવી જાય કે તેઓ શિષ્યોની પ્રત્યેક નાની-મોટી ક્રિયાઓમાં ઉપયોગશુદ્ધિને જાળવી રાખવા માટે કેટલા સાવધ રહેતા.

વિ.સં. ૨૦૭૧ની જેઠ સુદિ-૫. તે દિવસે પૂજ્યશ્રી શિષ્યવૃંદ સાથે પીયૂષપાણિ તીર્થમાં બિરાજમાન હતા. બપોરે ત્રણેક વાગ્યા આસપાસ એક મુનિભગવંત તેમની પાટ પાસે રજોહરણનું પડિલેહણ કરી રહ્યા હતા. શ્રમણ-શ્રમણીભગવંતોને પ્રતિદિન બે વખત આ ક્રિયા અવશ્યપણે કરવાની હોય છે. મુખ્યતયા ક્ષુદ્ર જીવોની રક્ષા માટે આ ક્રિયા છે. નાના-નાના જીવોની પણ ક્યાં ય હિંસા ન થઈ જાય એ માટે તમામ ઉપકરણો વાપરતા પહેલા સાધુ-સાધ્વીજી ભગવંતોને એની પ્રમાર્જના-પ્રતિલેખના કરવાની હોય છે. આ ક્રિયામાં અન્ય ક્રિયાઓ કરતાં પણ વિશેષ ઉપયોગશુદ્ધિની આવશ્યકતા છે. એમાં ક્યાય હાનિ ન પહોંચે એ માટે આ સંપૂર્ણ ક્રિયા દરમ્યાન સાધુ-સાધ્વીજી ભગવંતોને 'મૌન' રહેવાની આજ્ઞા કરાઈ છે. જેથી અન્ય વિષયોમાં મન પરોવાય નહિ.

તેઓ મુખ્યતઃ બે પ્રસંગે મૌન ધારણ કરતા હોય છે : (૧) સ્વાધ્યાય સમયે અને (૨) પ્રતિલેખન-ગોચરી-પ્રતિક્રમણાદિ ક્રિયા સમયે. તે પૈકીની આ પ્રતિલેખનની ક્રિયા ચાલી રહી હોવાથી, મારા એ સહવર્તી મુનિ ભગવંતે પણ મૌન જ ધાર્યું હતું. છતાં કોણ જાણે કેમ, અચાનક તેમને તત્કાલ પ્રસિદ્ધ થયેલ એક સુંદર ગીત, 'વિરતિધરનો વેષ પ્યારો પ્યારો લાગે રે' યાદ આવી ગયું અને તેઓ ગાવા લાગ્યા. પૂજ્યશ્રીનું ધ્યાન ગયું. ઘટના તો ખૂબ નાની હતી, પણ ટકોર કરવી આવશ્યક હતી. તેમની પાસે એક એવી કુશળતા હતી કે તેઓ શિષ્યો-પ્રશિષ્યોને ટકોર પણ એટલી સરસ રીતે કરે કે વ્યક્તિને એ પ્રસન્નતાપૂર્વક ઝીલી લેવા મજબૂર કરી દે. તેમને પેલા મુનિ ભગવંતને પણ એમના જ રાગમાં ટકોર કરતા કહ્યું, 'પડિલેહણમાં કાંઈ ગવાય નહિ રે, મૌનપણે પડિલેહણ કરાય રે' અને પછી ખડખડાટ હાસ્ય વેર્યું...

મુનિભગવંતને આ ટકોર શીરાની જેમ સરળતાથી ગળે ઉતરી ગઈ. તેમને ખ્યાલ આવી ગયો કે ઉપયોગને જાળવી રાખવા માટે પ્રતિલેખનની ક્રિયામાં આવા ગીતો પણ ગાવા જોઈએ નહિ અને સર્વથા મૌન જ રહેવું જોઈએ. ઉપયોગશુદ્ધિ એ સૌથી મહત્ત્વનું પરિબળ છે એ એમને ખૂબ સારી રીતે સમજાઈ ગયું. પ્રાર્થના ગુરુદેવને માત્ર એટલી જ છે કે એ મુનિ ભગવંતની જેમ હું પણ જો કોઈ અનુષ્ઠાનમાં ઉપયોગદશા ચૂકી જતો હોઉ તો મને સાવધ કરવા જરૂરથી પધારજો.

૧૭



# કડવાશ અને મીઠાશનો સમન્વય

-પૂ. મુનિ શ્રી તત્ત્વરત્નવિજયજી મ.

લીમડો !! દેખાવ એનો સામાન્ય હોય છે, પણ કડવાશ એની થૂં થૂં કરાવી નાંખે એવી હોય છે. લીમડાનો રસ પીવાની વાતે જ અનેક વ્યક્તિઓનાં મુખ મ્લાન થઇ જાય છે. અલબત્ત, એ વાત ચોક્કસ છે કે લીમડાનો રસ પીવાથી શારીરિક આરોગ્યમાં નિતાંત વૃદ્ધિ જ થાય છે.

ગોળ!! દેખાવ તો કદાચ એનો પણ આકર્ષક નથી અને છતાં ય માનવને મન એ ખૂબ ગમતી ચીજ છે. અરે! માખી-કીડી જેવા જંતુઓ પણ બીજા પદાર્થની અપેક્ષાએ ગોળની આસપાસ જલ્દીથી વીંટળાઇ જતા હોય છે. કારણ કે ગોળમાં મૂળભૂત મીઠાશ છે. હળદર - સૂંઠ જેવા પદાર્થો સાથે વપરાય ત્યારે શારીરિક આરોગ્યમાં ગોળ વૃદ્ધિ કરનારો પણ બને છે.

મારા પરમગુરુદેવ પૂજયપાદ શ્રમણજીવનશિલ્પી આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.માં લીમડાની વિશેષતા પણ વિલસતી હતી, તો ગોળનો ગુણધર્મ પણ ઝળહળતો હતો. એટલે કે કડવાશ અને મીઠાશનો સમન્વય તેમનાં જીવનમાં હતો.

આવો, પ્રથમ નિહાળીએ પરમગુરુદેવનાં જીવનમાં લીમડાની કડવાશ. પ્રથમ દૃષ્ટિએ જીવનમાં કડવાશ હોવી અનુચિત બાબત લાગે. પરંતુ પૂજયશ્રીનાં જીવનમાં રહેલી આ કડવાશ ચોક્કસ ઉત્તમ બાબત હતી. આના સંદર્ભમાં નાનકડી ઘટના યાદ આવે છેઃ નાનકડાં દશ વર્ષના દીકરાને મૂકીને એની માતા અચાનક મૃત્યુ પામી. પિતાએ બીજા લગ્ન કર્યા. દીકરાના જીવનમાં નવી માતા આવી. છ મહિનાનો સમય વીત્યો. દીકરા પર ખૂબ લાગણી ધરાવનાર પાડોશીએ એક દિવસ દીકરાને પૂછ્યું. ‘‘બેટા ! નવી માતા અને જૂની માતામાં તને શું ફરક લાગે છે ?’’

ગભરાતા ગભરાતા નાનકડો બાળક બોલ્યોઃ ‘‘મારી જૂની માતા જૂઠું બહુ બોલતી હતી. પણ નવી માતા એકદમ સાચું બોલે છે.’’ એની જૂની પ્રેમાળ માતા વિશે દીકરાને ઘસાતું બોલતો જોઇ પાડોશી આશ્ચર્ય પામ્યા. તેમને પૂછ્યુંઃ ‘‘બેટા ! કઇ રીતે તને આમ લાગ્યું.’’

છોકરો બોલ્યોઃ ‘‘જુઓ, હું જયારે ભણતો નહિ ત્યારે જૂની માતા કહેતી કે ભણવા બેસી જા, નહીંતર મારીશ. પણ, પછી એ મારે નહીં અને કાંઇ કરે નહિ. વળી હું જયારે ઘણા સમય સુધી રમવાનું છોડતો નહિ ત્યારે તે કહેતી કે રમવાનું બંધ કર, નહીંતર જમવાનું નહીં આપું. પણ પછી એ મને જમવાનું આપતી જ. જયારે આ નવી માતા એવી નથી. એ કહે મારીશ તો મારે જ અને એ કહે જમવાનું નહિ આપું તો ન જ આપે.’’ પાડોશીને ખ્યાલ આવ્યો કે ખરેખર ‘મારી જૂની માતા જૂઠું બોલે છે’ એમ કહીને દીકરો એના વખાણ જ કરતો હતો.

હું કહું છું પૂજયશ્રીનાં જીવનમાં રહેલી કડવાશ પણ આવી જ રીતે ઉત્તમ બાબત હતી. પૂજયશ્રીના એક વિશિષ્ટ ગુણ સ્વરૂપ હતી. એ કડવાશને આપણે કડકાઇ પણ કહી શકીએ-કઠોરતા પણ કહી શકીએ. શિષ્યમાં દોષો ન આવી જાય એની તકેદારી રાખવા અને આવેલા દોષોને દૂર કરવા માટે ગુરુએ અવસરે કડવાશ અને કડકાઇ દાખવવી જરૂરી હોય છે.

મારા ગુરુદેવ પૂ. તેજસ્વીવક્તા. આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. જયારે બાલમુનિ અવસ્થામાં હતા ત્યારનો આ પ્રસંગઃ એક સ્થળે વિહાર દરમિયાન તેમને અન્ય શ્રમણવૃંદ સાથે રહેવાનું થયું. એ શ્રમણવૃંદમાં પણ એક નાના બાલમુનિ હતા. બપોરના સમયે એક શ્રાવક વંદન માટે આવ્યા અને તે સમયે નવી જ અસ્તિત્વમાં આવેલી Electronic Video Game બાલમુનિને રમવા માટે ભેટ આપી. એ બાલમુનિ પાસે ગેમ જોઇને બાલમુનિ રૂપે રહેલા ગુરુદેવને ય એ ગેમ મેળવવાનું મન થયું. એમણે પૂજયશ્રી પાસે આ માટે માંગણી કરી. સાહેબે તરત કડકાઇપૂર્વક ઘસીને ના પાડતા કહ્યુંઃ ‘‘કોઇ પણ Electronic વસ્તુ મેળવવાનો વિચાર આ જ પછી કરતો નહીં. હું એ માટે સંમતિ આજે નહિ અને ક્યારે ય નહિ આપું.’’ બાલમુનિ નિરાશ વદને ચાલી ગયા. પૂજયશ્રીને શિષ્ય ‘નારાજ’ થાય તો વાંધો નહોતો, પણ દોષો દ્વારા તેનું જીવન ‘ખરાબ’ થાય એમાં જરૂરથી વાંધો હતો. શિષ્યને પોતે લીમડા જેવા કડવા લાગશે એની ચિંતા નહોતી, પણ શિષ્યનું જીવન દોષ રૂપી લીમડાથી કડવું ન બની જાય એની ચિંતા ખૂબ હતી.

હવે નિહાળીએ ગુરુદેવનાં જીવનમાં ગોળની મીઠાશ. કડવાશને આપણે જો કઠોરતા કહીએ તો મીઠાશને આપણે વત્સલતા પણ કહી શકીએ-ઉદારતા પણ કહી શકીએ.

મારી દીક્ષા પૂર્વેનો એક નાનકડો છતાં મને સ્પર્શી ગયેલો પ્રસંગ યાદ આવે છેઃ વિ.સં. ૨૦૭૧માં ધર્મધામ - નાગેશ્વરપાર્શ્વતીર્થે પૂજયશ્રી સામૂહિક ઓળીની આરાધનાર્થે બિરાજતા હતા. થોડા શ્રમણો અને હું, દૈનિક ક્રમ મુજબ પૂજયશ્રીની ભક્તિ કરી રહ્યા હતા. પ્રતિદિન અમે લગભગ અડધો-પોણો કલાક પર્યંત આ ભક્તિ



કરીએ. પૂજ્યશ્રી ક્યારેક એ દરમિયાન કો'કનો સ્વાધ્યાય સાંભળે તો ક્યારેક કો'ક શાસ્ત્રીય પ્રશ્નોના ઉત્તરો પણ આપે. ક્યારેક વળી એમાં રસપ્રદ Debate પણ જામે. એ દિવસે પદભક્તિ શરૂ થયાને હજી તો ચંદ ક્ષણો જ વીતી હતી અને મારા પૂ. ગુરુદેવ આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.એ સંથારો કર્યો. પૂજ્યશ્રીએ આ દૃશ્ય જોયું ને તરત અમને કહ્યુંઃ ‘‘જાવ, એમની ભક્તિ પ્રથમ કરી આવો. એ દિવસભર કાર્યથી થાકેલા હશે.’’ અને ધરાર એમણે અમને ભક્તિ કરવા મોકલ્યા જ. ગુરુનાં મનમાં શિષ્ય પ્રત્યે અપાર વાત્સલ્યભાવ-ઔદાર્યભાવ હોય ત્યારે જ આવા શબ્દો અંતઃકરણપૂર્વક પ્રગટી શકે ને ભલા? આ એ સમયની વાત છે જ્યારે તેઓશ્રી કારકિર્દીની ટોચે હતા. સાચા અર્થમાં શાસનપ્રભાવક હતા. 84 વર્ષની પાકટ વય અને 68 વર્ષનો વિરાટ સંયમ પર્યાય ધરાવનાર હતા. જે બાલમુનિને તેઓશ્રીએ નાની વયે કડવાશ દાખવીને Electric Game લેતા અટકાવ્યા હતા તે બાલમુનિ પરિપક્વ બન્યા-શાસનના સર્વોચ્ચ પદ સુધીની સફર પૂર્ણ કરી ચૂક્યા ત્યારે તેમનાં મસ્તક પર હાથ પ્રસારીને આશીર્વૃષ્ટિ કરતા પૂજ્યશ્રીને નિહાળવાનો લહાવો અમને ઘણી વાર મળ્યો છે.

પૂજ્યશ્રીના આ મસ્ત ગુણોને વાગોળવાની અને વહેંચવાની મજા માણવાના આ સમયે તેઓશ્રીને એટલી જ યાદી અપાવીશ કે ‘‘માત્ર એક બાલમુનિની જ નહિ-એક શિષ્યની જ નહિ, પણ અમારા સૌ ઉપર પણ જરૂર પડ્યે કડવાશ અને જરૂર પડ્યે મીઠાશ પ્રસરાવવાની જવાબદારી આપની જ છે હોં !!’’

૧૮

## WHERE THERE IS A WILL, THERE IS A WAY...

-પૂ. બાલમુનિશ્રી યુગરત્નવિજયજી મ.

સંસારીપણામાં School માં એક સરસ English Proverb ભણાવાતું હતું, Where there is a will, there is a way. જે વ્યક્તિ પાસે જોરદાર મક્કમતા હોય તે વ્યક્તિ આ દુનિયાનું કોઇ પણ અશક્ય કામ કરી શકે છે. રોજ પ્રતિક્રમણ પછી પૂ. ગુરુભગવંતો જે અલગ અલગ મહાપુરુષોની કથાઓ કહે છે તેમાં આ Proverb exactly Fit થતો દેખાય. જે માસતુષમુનિ ચાર શબ્દો પણ કંઠસ્થ નહોતા કરી શકતા, તેમણે પોતાની મક્કમતા Stable રાખીને બાર વર્ષ સુધી મહેનત કરી તો એમને Directly કેવળજ્ઞાન મળી ગયું. સુંદરીએ 60,000 વર્ષ સુધી Continuos આયંબિલ કર્યા તો એમને Impossible જેવી લાગતી દીક્ષા મળી ગઇ. ખંધકમુનિએ મક્કમતાથી માણસોને પોતાના શરીરની ચામડી ઉતારવા દીધી, તો તેમને તરત જ કેવળજ્ઞાન મળી ગયું. માટે જ તો Proverbમાં કહ્યું છે કે 'Where there's a will, there is a way.' મને મારા એક વડીલ સાધુ ભગવંતે કહ્યું હતું કે ગજસુકુમાલમુનિ અને ખંધકમુનિ જેવા મહારાજસાહેબની જેમ અમારા સૌથી મોટા ગુરુદેવ પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. પણ આવા મક્કમ મનવાળા મહાપુરુષ હતા. તેમને જીવનમાં જ્યારે પણ કોઇ પણ તકલીફ આવે, ત્યારે મનને મજબૂત કરીને તેઓ પોતાનાં કામો કર્યા જ કરે.

વિ.સં. ૨૦૬૮માં તેમનું ચાતુર્માસ ચેમ્બુરતીર્થમાં હતું. ચાતુર્માસની શરૂઆતમાં આમ તો બધુ Normal જ હતું. પણ પજુસણના લગભગ 10 દિવસ પહેલા તેમને એક નાનકડો Paralysisનો Attack આવ્યો અને એમનાં હોઠ સહેજ વાંકા થઇ ગયા. ડોક્ટરોએ Treatment કરી અને સાથે થોડા દિવસની દવાઓ પણ આપી. ચેમ્બુરતીર્થની જેમ મારા દાદા ગુરુદેવ પૂ.આ.ભ.શ્રી રશ્મિરત્નસૂરિ મ. સાયનમાં ચાતુર્માસ હતા. તેમને પર્યુષણના દિવસોમાં સાહેબજીની ભક્તિ કરવા માટે એક સાધુ ભગવંતને મોકલ્યા. પણ મોકલતા પહેલા તેમને સૂચના આપી દેવામાં આવી કે સાહેબજીને 3 ટાઇમ દવા લેવાની હોવાથી ગોચરીમાં સહાયક થવા આ વખતે પજુસણ હોવા છતાં પણ નવકારશીનું જ પચ્ચક્ખાણ કરવું. પેલા શિષ્ય તો તહત્તિ કરીને ત્યાં પહોંચી ગયા. પણ પહોંચ્યા બાદ સાહેબજીએ ખુલાસો કર્યો કે તેઓ રોજ 3 Time નહીં પણ માત્ર 2 Time જ ગોળી લે છે અને નવકારશી નહિ પણ પહેલાની જેમ રોજ બિયાસણા જ કરે છે.

સાધુ ભગવંતને આશ્ચર્ય થયું. એમણે સાહેબજીને પૂછ્યુંઃ ‘‘સાહેબજી! ડોક્ટર જે દવા આપે એ લેવી તો પડે જ ને? થોડા દિવસ નવકારશી કરવામાં શું નુકસાન થઇ જાત?’’ સાહેબજીએ આનો જવાબ આપ્યોઃ ‘‘થોડા દિવસ તો શું? એક દિવસ પણ નવકારશી કરવી મને ચાલે નહિ. આવી નાની-મોટી તકલીફો તો જીવનમાં વારંવાર આવ્યા જ કરશે, એની માટે આપણે આપણી આરાધના થોડી છોડવાની હોય. હું તો બિયાસણા કરીને 2 time જ દવા લેવાનો છું.’’

બોલો કેવી મક્કમતા! મને એ મારા વડીલ સાધુ ભગવંતે કહ્યું કે Paralysisની અસર થવી કોઇ શરદી-કફ જેવી નાની વાત નહોતી. છતાં પણ સાહેબજીએ એને નાની ગણીને પોતાનો તપ મક્કમતાથી ચાલુ રાખ્યો હતો. સાહેબજીને બસ એટલી જ Request છે કે મને પણ વિહાર અને લોચ વખતે કષ્ટોને હસતા મુખે સહન કરવા માટે આવી જ મક્કમતા આપજો.

૧૯

# ગુલાબની વિશેષતાઓથી વિભૂષિત જીવન

-પૂ. બાલમુનિ શ્રી આર્જવરત્નવિજયજી મ.



ગુલાબ !! પુષ્પોની દુનિયામાં એનું સ્થાન - માન અવ્વલ કક્ષાનું ગણાય છે. પુષ્પજગતમાં એ રાજા રૂપે ઓળખાય છે તો ભક્તજનોનું એ માનીતું પુષ્પ ગણાય છે. ગુલાબની અનેક વિશેષતાઓ પૈકીની ત્રણ વિશેષતાઓ તો મન હરી લે એવી છેઃ

(૧) એનો દેખાવ રમ્ય છે :- ગુલાબના પુષ્પનો દેખાવ એવો નજાકતભર્યો હોય છે કે એને નીરખનારનું મન એ અવશ્ય મોહી લે. એને નિહાળનાર વ્યક્તિ એના દેખાવ પર આકર્ષાયા વિના - આફરીન પોકાર્યા વિના ન રહે.

(૨) એની કાયા સદૈવ સુવાસસભર છે :- અસ્તિત્વના અંત સુધી ગુલાબની કાયા સતત સુવાસમય હોય છે. એવી મસ્ત મજાની સુગંધ એની કાયામાંથી પ્રસરે છે કે એને માણનાર વ્યક્તિનું તન-મન પણ મહેંકથી તર-બ-તર બન્યા વિના ન રહે.

(૩) એનું અસ્તિત્વ પ્રસન્નતાસભર છે :- ગુલાબનું જીવન કાંટાઓની વચ્ચે જીવાય છે અને કાંટાઓની વચ્ચે રહેવા છતાં પણ ગુલાબ ખીલેલા નિહાળી શકાય છે. અણિયાળા કાંટાઓ વચ્ચે પણ તેમનું જીવન પ્રસન્નતાસભર-સ્મિતસભર હોય છે. એટલે જ તો એક સ્થળે કહ્યું છે કે 'ખૂશ્બુ દઈને હસતાં રહેવું, ફૂલનો કેવો મસ્ત ધરમ છે...'

ગુલાબનાં જીવનની આ ત્રણ અદ્ભુત વિશેષતા છે તો મારા પ્યારા ગુરુદેવ પૂજ્યપાદ પરમશાસન પ્રભાવક આ. ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. સા.નાં જીવનની પણ આવી જ ત્રણ અદ્ભુત વિશેષતાઓ છે. બીજા શબ્દોમાં કહું તો ગુરુદેવનું જીવન જ ગુલાબ સમું આકર્ષક - સુવાસિત અને પ્રસન્ન હતું. આવો, ગુરુદેવનાં જીવનની એ ત્રણ વિશેષતાઓનો તમને પણ પરિચય કરાવું :

(૧) ગુરુદેવની આંખોમાં નિરંતર વાત્સલ્ય વરસતું હતું - ગુલાબ પાસે જો સૌંદર્યનું આકર્ષણ છે તો ગુરુદેવ પાસે વાત્સલ્યનું આકર્ષણ હતું...જેઓ એક વાર ગુરુદેવનો પ્રેમાળ ચહેરો નિહાળે એ કદી એને ભૂલી ન શકે. સાહેબના નેત્રોમાંથી સતત વરસતી પ્રેમની અમૃતધારાને હંમેશા પીતા રહેવાનું જ મન થાય. સાત વર્ષની વયે મને આ ગુરુદેવનાં પ્રથમ દર્શન થયા. એ ગુરુદેવની આંખોમાંથી વરસતા પ્રેમે મને પહેલી જ વારમાં આકર્ષી લીધો. સાત વર્ષની નાનકડી વયે જ મેં મનોમન નક્કી કરી લીધું કે 'દીક્ષા લઇશ તો આ જ ગુરુભગવંત પાસે લઇશ.'

(૨) ગુરુદેવની વાણીમાંથી હંમેશા માધુર્ય વહેતું હતું :- ગુલાબની કાયામાંથી જો સુવાસ પ્રસરે છે તો ગુરુદેવની વાણીમાંથી મીઠાશ વહેતી હતી. સાહેબની વાણી સાંભળીને ભલભલાના મુખ મલકી ઊઠે અને મન પુલકિત બની ઊઠે. તેઓ મને હંમેશા પ્રેમથી 'આદિ' કહીને બોલાવતા. (મારું સાંસારિક નામ 'આદિત્ય' હતું). મને ગુરુદેવનું આ સ્નેહાળ સંબોધન ખૂબ ગમતું હતું. તેઓ સાકરથી પણ વધુ મીઠી વાણીમાં મને હંમેશા કહે : ''આદિ ! તારે મારા જેવા બનવાનું છે હોં. કેમ કે તારા અને મારા નામમાં સામ્ય છે : મારા નામમાં પ્રથમ બે અક્ષર છે 'સૂર્ય' અને આદિત્ય એટલે પણ 'સૂર્ય'...'' એ પછી ૧૦ વર્ષની વયે મારી દીક્ષા થઈ. અલબત્ત, મને દીક્ષા ગુરુદેવના હાથે ન મળી. કેમ કે તે પૂર્વે જ તેઓશ્રીનો જીવનદીપ બુઝાઇ ગયો. પણ મેં સંકલ્પ તો એવો કરી જ લીધો છે કે 'મારે બનવું છે તો એ ગુરુદેવ જેવા જ.' કારણ કે મારા અને મને ખૂબ ગમતા એ ગુરુદેવના નામમાં સામ્ય છે ને ???

(૩) ગુરુદેવનાં મુખમાંથી હંમેશા પ્રસન્નતા છલકતી હતી :- ગુલાબ પાસે જો હંમેશા પ્રસન્નતા છે તો ગુરુદેવ પાસે પણ નિત્ય પ્રસન્નતા છે. ગુરુદેવને ક્યારે પણ નિહાળો. તેઓશ્રીનો ચહેરો સતત સ્મિતસભર જ નિહાળવા મળે. તેમનાં મુખ પર સદૈવ હાસ્ય રમતું જોવા મળે. સામાન્ય સંયોગોમાં તો એ પ્રસન્નતા અકબંધ હોય. પણ વિકટ સંયોગો હોય - મુશ્કેલ પરિસ્થિતિ હોય ત્યારે પણ ગુરુદેવનાં મુખ પર પ્રસન્નતા અકબંધ જ હોય.

વિ.સં. ૨૦૬૦માં એક ગંભીર બિમારી પ્રસંગે ગુરુદેવને ઓપરેશન માટે લઈ જવાના હતા. ડૉક્ટરોએ એ ઓપરેશનને 'HIGH RISKY' ગણાવ્યું હતું. ગુરુદેવને સ્ટ્રેચર પર લઈ જવાતા હતા. તેઓશ્રી O.T. પાસે પહોંચ્યા. ત્યાં જ સમુદાયના કેટલાક શ્રમણ-શ્રમણી ભગવંતો વિહાર કરીને ગુરુદેવને શાતા પૂછવા આવી પહોંચ્યા. આવનાર શ્રમણ-શ્રમણી ભગવંતો હજુ કાંઇ બોલે એ પૂર્વે ગુરુદેવે જ સ્મિત રેલાવતાં કહ્યું : ''ચાલો, હાથ જોડો. તમને માંગલિક સંભળાવી દઉં.'' સૌને તેઓશ્રીએ પ્રેમથી માંગલિક સંભળાવ્યું.

પૂજ્યશ્રીનાં ઓપરેશનને લઈને ચિંતિત આગંતુક શ્રમણ-શ્રમણી ભગવંતો પૂજ્યશ્રીના ચિંતાવિહીન પ્રસન્નતાસભર મુખને નીરખીને ક્ષણભર વિચારી રહ્યા કે 'આખરે ઓપરેશન કોનું છે? અમારું કે પૂજ્યશ્રીનું?' જીવનની વિકટ પરિસ્થિતિમાં ય ગુરુદેવ આવા પ્રસન્ન હતા.

પ્રસ્તુત સ્મૃતિલેખના અંતે એ ગુરુદેવને આજે વિનંતિ કરવી છે કે ''ગુરુદેવ ! આપની પાસે ગુણો અનલ્પ છે. મને લાગે છે કે એમાંથી માત્ર આ નિત્ય પ્રસન્નતા ગુણનું જ મારામાં આપ પ્રત્યારોપણ કરી દેશો તો મારું જીવન નંદનવન બન્યા વિના રહેશે નહિ. આપનો આ બાળ એક શ્રદ્ધાપૂર્વક આપની પરમ કૃપાની રાહ જોઈ રહ્યો છે એ ભૂલશો નહિ...''



૨૦

# સ્વાધ્યાય : ગુરુદેવનો જીગરી દોસ્ત

-પૂ. બાલમુનિ શ્રી મોક્ષરત્ન વિજયજી મ.

અમેરિકા, જાપાન વગેરે દેશોની અથવા વિશિષ્ટ Tourist Placeની વિશેષતાઓ-સ્પેશ્યાલીટી સાંભળવા મળે ત્યારે એ નિહાળવાનું મન થઇ જાય છે. વિશિષ્ટ મિષ્ટાન્ન -ફરસાણની વાતો સાંભળી એ ખાવા માટે મન લાલાયિત થઇ જાય છે. રસ્તે ચાલતા હોઇએ અને નજીકમાં સદાબહાર ગીત ગવાઈ રહ્યું હોય તો એ સાંભળવા માટે મન લલચાઇ જાય છે. એ જ રીતે આ ગ્રંથમાં જે ગુરુદેવની જાનદાર પ્રસ્તુતિ થઇ છે તેમની અઢળક ગુણસમૃદ્ધિ સાંભળીને એ ગુરુદેવનાં દર્શનનું મન થઇ જાય છે.

એ ગુરુદેવ એટલે મારા પરમગુરુદેવ પૂજ્યપાદ સ્વાધ્યાયનિષ્ઠ સમર્થ વિદ્વાન આ.ભ. શ્રીમદ્ વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ. નાનકડા પ્યાલામાં જો દરિયો ન સમાઈ શકે તો તેઓશ્રીની વિરાટ ગુણરાશિને મારા જેવો નાનકડો બાલસાધુ શેં વર્ણવી શકે? છતાં પણ આજે મારે એ ગુરુદેવના, મને ખૂબ ગમતા એક ગુણની વાત કરવી છે. એ ગુણ એટલે તેઓશ્રીનો અદ્‌ભુત સ્વાધ્યાયવ્યાસઙ્ગ !!

મને એક ઘટના યાદ આવે છે : તેઓશ્રીના દીક્ષાના પ્રારંભિક વર્ષોની વાત. ગુરુદેવની સ્થિરતા પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા. સાથે શેષકાળમાં કોઠીપોળ-વડોદરામાં હતી. મુનિસમુદાય વિશાલ હતો અને કોઠીપોળમાં જૈન ઘરો ઓછા હતા. એટલે શ્રમણસમુદાયે બપોરની મુખ્ય ગોચરી દૂર-સુદૂરના વિસ્તારમાંથી લાવવાનું નક્કી કર્યું. ગુરુદેવશ્રી એ માટે રોજ બપોરે સહાયક સંઘાટક તરીકે ગોચરી જતા. એમનું મુખ્ય કાર્ય ત્યારે માત્ર ગોચરી વહન કરવાનું રહેતું. ગોચરીના એ બે થી સવા-બે કલાકમાં અથ થી ઈતિ સુધી ગુરુદેવ સ્વાધ્યાયમાં લીન રહેતા. એ દરમિયાન સિદ્ધહેમવ્યાકરણ (લઘુવૃત્તિ)ના 3566 સૂત્રોનો સ્વાધ્યાય તેઓ અસ્ખલિતપણે કરી લેતા. આ સ્વાધ્યાયમાં અદ્‌ભુત આનંદ અને મસ્તીની અનુભૂતિ કરનારા તેઓશ્રીને ન તો કંટાળો આવતો કે ન તો માર્ગ પરનાં દશ્યો વગેરે નિહાળવાની કુતૂહલ વૃત્તિ જાગતી.

શાસ્ત્રવચન કહે છે 'सज्झाय समो तवो नत्थि' અર્થાત્ 'સ્વાધ્યાય સમાન કોઇ તપ નથી.' એટલે જ સ્વાધ્યાયને અભ્યંતર તપના એક શ્રેષ્ઠ પ્રકારરૂપે સ્થાન અપાયું છે. દુર્બલિકા પુષ્પમિત્ર જેવા અનેક પ્રાચીન-અર્વાચીન મહાપુરુષોએ આ સ્વાધ્યાયતપની શ્રેષ્ઠ સાધના કરી છે. તો દશવૈકાલિક આગમસૂત્રમાં કહેવાયું છે કે 'मिहोकहाहिं न रमे, सज्झायंमि रओ सया।' ભાવાર્થ કે પરસ્પર વાતોચીતો-વિકથાદિમાંથી નિવૃત્ત થઇને શ્રમણે સદાય સ્વાધ્યાયમાં રત રહેવું.

પૂજ્ય ગુરુદેવશ્રી આ શાસ્ત્રવચનને અનુસર્યા હતા. એટલે જ જીવનની સમી સાંજે 84 વર્ષની વયે તેઓશ્રીને સ્વોપજ્ઞ ભાષ્યસહિત તત્ત્વાર્થસૂત્ર તથા ન્યાય-વ્યાકરણાદિ અનેક ગ્રંથોના પાઠો અક્ષરશઃ કંઠસ્થ હતા. બીજા શબ્દોમાં કહું તો સ્વાધ્યાય એટલે ગુરુદેવનો જીગરી દોસ્ત.

ગુરુદેવનો આ અજબગજબનો સ્વાધ્યાયવ્યાસઙ્ગ તો તેઓશ્રીનાં જીવનનું એક ગુણમોતી માત્ર છે. આવા તો અનેક, અરે! અનેક નહિ અગણિત ગુણમોતીઓથી ગુરુદેવનો જીવનપટ અલંકૃત છે.

મારી દીક્ષા પૂર્વે અને પરિચય પૂર્વે જ એ ગુરુદેવનો દેહવિલય થયો હોવાથી એ ગુરુદેવનાં પ્રત્યક્ષ દર્શનથી હું વંચિત રહ્યો છું. તેઓશ્રીની અઢળક ગુણસમૃદ્ધિ સાંભળ્યા પછી ગુરુદેવને જોવાનું મન ખૂબ થાય છે. ન જોયા-ન માણ્યાનો અફસોસ-વસવસો અપાર થાય છે. પરંતુ આજે એ ગુરુદેવને જાણવાનું અને માણવાનું જ નહિ, બલ્કે અક્ષરોની સૃષ્ટિમાં સમાવવાનું ય સૌભાગ્ય મળ્યું તેની ખુશી પણ પારાવાર અનુભવાય છે.

આજે ગુરુદેવને ભાવાંજલિ આપવાપૂર્વક એટલી જ પ્રાર્થના કરીશ કે નાની વયે આપે દીક્ષા લીધી અને આપે સ્વાધ્યાય સાથે આજીવન દોસ્તી જમાવી લીધી. હવે નાની વયે મેં પણ દીક્ષા લીધી છે. હું પણ આપનો જ બાળ છું. મારી પણ Friendship આ સ્વાધ્યાય સાથે Lifetime કરાવી દેજો ને !!